સત્યમેવ જયતે

ફાઇલ તારીખઃ ૦૮/૦૪/૨૦૨૨
દાખલ તારીખઃ ૦૮/૦૪/૨૦૨૨
ફેંસલ તારીખઃ ૨૧/૧૨/૨૦૨૪
અવધિઃ વર્ષ માસ દિવસ

# સુરત ના મહે. આઠમાં અધિક સત્ર ન્યાયાધિશ ની અદાલત સમક્ષ, સુરત.

## ફોર્મ– "એ"

**આંક–**

| | |
|---|---|
| **ચુકાદા તારીખઃ ૨૧/૧૨/૨૦૨૪**<br>**સેસન્સ કેસ નં. ૨૫૨/૨૦૨૨**<br>**( સુરત ગ્રામ્ય કામરેજ પોલીસ સ્ટેશન ફ. ગુ. ર. નં. ૨૧૨/૨૦૧૯ થી ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કલમ–૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૨૩, ૫૦૪, ૫૦૬ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબ)** | |
| **ફરીયાદ પક્ષ** | **શ્રી સરકાર.**<br>મુળ ફરીયાદીઃ–નિપુલભાઇ હસમુખભાઇ પટેલ, ઉ.વ.૪૫, ધંધો–ખેતી, રહે–જોખાગામ, પાદર ફળિયુ, તા. કામરેજ જી. સુરત. |
| **વિ. એ.જી.પી.શ્રી.** | **શ્રી વિ. એલ. ફળદુ** |
| **આરોપીઓ** | **(૧) ધનસુભાઇ ઉર્ફે ધમો રમેશભાઇ ગામી,** ઉ.આ.વ.૩૪, ધંધો– ડ્રાઇવીંગ રહેઃ–વાવ જુનુ ભાલીયાવાડ, તા. કામરેજ જી. સુરત.<br><br>**(૨) હાજી કાસમ જુણેજા** |

| | |
|---|---|
| | ઉ.આ.વ.૩૮, ધંધો– મજુરી,<br>રહેઃ–કામરેજ, સત્યમનગર સોસાયટી, ૫૧૪, નનસાડ રોડ, તા. કામરેજ જી. સુરત.<br><br>**(૩) મહેશભાઇ રમેશભાઇ ભાલીયા**<br>ઉ.આ.વ.૨૪, ધંધો– અભ્યાસ,<br>રહેઃ–વાવ ગામ, ગોલવાડ ફળિયુ, તા. કામરેજ જી. સુરત.<br><br>**(૪) પ્રકાશભાઇ ભીખાભાઇ ભાલીયા (અબેટ)**<br><br>**(૫) રવિન્દ્રભાઇ ઉર્ફે ગુડ્ડો રાજુભાઇ ભાલીયા,**ઉ.આ.વ.૨૧, ધંધો– મજુરી,<br>રહેઃ–વાવ, નવુ ભાલીચાવાડા તા. કામરેજ જી.સુરત.<br><br>**(૬) ભાવિક ઉત્તમભાઇ ભાલીયા**<br>ઉ.આ.વ.૨૮, ધંધો– મજુરી,<br>રહેઃ–વાવ ગામ, જુનુ ભાલીચાવાડ, તા. કામરેજ જી.સુરત.<br><br>**(૭) હેમંતભાઇ ભરતભાઇ ગામી**<br>ઉ.આ.વ.૨૭, ધંધો– નોકરી,<br>રહેઃ–વાવ ગામ, જુનુ ફળિયુ, તા. કામરેજ જી.સુરત.<br><br>**(૮) કેતનભાઇ મનહરભાઇ પટેલ (અબેટ)**<br><br>**(૯) મહેન્દ્રભાઇ પરભુભાઇ ભાલીયા**<br>ઉ.આ.વ.૨૮, ધંધો– ખેતી, |

| | |
|---|---|
| | રહેઃ–વાવ ગામ, જુનુ ફળિયુ,<br>તા. કામરેજ જી.સુરત.<br><br>**(૧૦) નિરવભાઇ દિનેશભાઇ ભાલીયા**<br>ઉ.આ.વ.૨૫, ધંધો– કેબલ ઓપરેટર,<br>રહેઃ–વાવ ગામ, ગોલવાડ ફળિયુ,<br>તા. કામરેજ જી.સુરત.<br><br>**(૧૧) શિવમભાઇ વિજયભાઇ ભાલીયા,**ઉ.આ.વ.૨૨, ધંધો– મિકેનીક<br>રહેઃ–વાવ ગામ, ગોલવાડ ફળિયુ,<br>તા. કામરેજ જી.સુરત.<br><br>**(૧૨) પુનમબેન જયેશભાઇ ભાલીયા**<br>ઉ.આ.વ.૨૯, ધંધો– ઘરકામ,<br>રહેઃ–વાવ ગામ, ભાલીયાવાડ ફળિયુ,<br>તા. કામરેજ જી.સુરત.<br><br>**(૧૩) દિપેશભાઇ અરવિંદભાઇ પટેલ**<br>ઉ.આ.વ.૩૪, ધંધો– વેપાર,<br>રહેઃ–નવા ગામ, સુપડી ફળિયુ,<br>તા. કામરેજ જી.સુરત.<br><br>**(૧૪) રાધાબેન પરભુભાઇ ભાલીયા**<br>ઉ.આ.વ.૫૪, ધંધો– ઘરકામ,<br>રહેઃ–વાવ ગામ, ભાલીયાવાડ,તા. કામરેજ જી.સુરત.<br><br>**(૧૫) સુનિલભાઇ રાજુભાઇ ભાલીયા**<br>ઉ.આ.વ.૨૯, ધંધો– વકીલાત,<br>રહેઃ–વાવ ગામ, ભાલીયવાડ,તા. કામરેજ જી.સુરત. |

| | |
|---|---|
| | **(૧૬) કિરણ ઉર્ફે તલવાર ભરતભાઇ રાઠોડ,**ઉ.આ.વ.૨૨, ધંધો– ખેતી,<br>રહેઃ–વાવ ગામ, હળપતિવાસ,<br>તા. કામરેજ જી.સુરત.<br><br>**(૧૭) રાકેશભાઇ અમરસિંહભાઇ રઠોડ**<br>ઉ.આ.વ.૩૦, ધંધો– ખેતી,<br>રહેઃ–વાવ ગામ, નાયકી વાડ,<br>તા. કામરેજ જી.સુરત.<br><br>**(૧૮) સુનિલભાઇ બળવંતભાઇ ચૌધરી,**ઉ.આ.વ.૨૭, ધંધો– જીમ ટ્રેઈનર,<br>રહેઃ–વાવ ગામ, નાયકીવાડ,<br>તા. કામરેજ જી.સુરત. |
| **આરોપીઓ તરફે વિ.વ.શ્રી** | **વિ.વ. શ્રી વી. સી. લાઠીયા** |

## <u>ફોર્મ– "બી"</u>

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૨/૦૯/૨૦૧૯ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૧૨/૦૯/૨૦૧૯ |
| ચાર્જશીટ દાખલ તારીખ | ૧૭/૦૨/૨૦૨૦ |
| તહોમતનામું ઘડયાની તારીખ | ૨૯/૦૯/૨૦૨૨ |
| પુરાવાની શરૂઆતની તારીખ | ૧૦/૧૧/૨૦૨૨ |
| જે તારીખે ચુકાદો અનામત રાખવામાં આવ્યો છે, તે તારીખ | ૦૩/૧૨/૨૦૨૪ |
| ચુકાદાની તારીખ | ૨૧/૧૨/૨૦૨૪ |

Date :- 21.12.2024
Place :- Surat

Hiteshkumar Mukundray Vyas
8th Additional Sessions Judge,Surat.
Judge Code : GJ00834

| સજાના હુકમની તારીખ, જો કોઈ હોય તો | -- |
|---|---|

## આરોપીની વિગત

| આરોપીનો ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર છૂટયાની તારીખ | ગુનાનો આરોપ મૂકયો છે. | નિર્દોષ કે દોષિત | સજા લાદવામાં આવી | ફો.કા.સં કલમ – ૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતની અવધિ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ધનસુભાઈ ઉર્ફે ધમો રમેશભાઈ ગામી | ૦૨/૧૦/૨૦૧૯ | ૨૧/૧૦/૨૦૧૯ | ભા. દં. સં. ૧૮૬૦ ની કલમ – ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૨૩, ૫૦૪, ૫૦૬ તથા જી. પી. એકટ ની કલમ-૧૩૫(૧) | | -- | -- |
| ૨ | હાજી કાસમ જુણેજા | ૦૨/૧૦/૨૦૧૯ | | ભા. દં. સં. ૧૮૬૦ ની કલમ – ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૨૩, ૫૦૪, ૫૦૬ તથા જી. પી. એકટ ની કલમ-૧૩૫(૧) | | | |
| ૩ | મહેશભાઈ રમેશભાઈ ભાલીયા | ૦૨/૧૦/૨૦૧૯ | ૨૧/૧૦/૨૦૧૯ | ભા. દં. સં. ૧૮૬૦ ની કલમ – ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૨૩, ૫૦૪, ૫૦૬ તથા જી. પી. એકટ ની કલમ-૧૩૫(૧) | | | |
| ૪ | પ્રકાશભાઈ ભીખાભાઈ ભાલીયા | ૦૨/૧૦/૨૦૧૯ | | ભા. દં. સં. ૧૮૬૦ ની કલમ – ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૨૩, ૫૦૪, ૫૦૬ તથા જી. પી. એકટ ની કલમ-૧૩૫(૧) | અબેટ | | |
| ૫ | રવિન્દ્રભાઈ ઉર્ફે ગુડ્ડો રાજુભાઈ ભાલીયા | ૦૨/૧૦/૨૦૧૯ | ૨૧/૧૦/૨૦૧૯ | ભા. દં. સં. ૧૮૬૦ ની કલમ – ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૨૩, ૫૦૪, ૫૦૬ તથા જી. પી. એકટ ની કલમ-૧૩૫(૧) | | | |
| ૬ | ભાવિક ઉત્તમભાઈ | ૦૨/૧૦/૨૦૧૯ | | ભા. દં. સં. ૧૮૬૦ ની કલમ | | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | ભાલિયા | | | - ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૨૩, ૫૦૪, ૫૦૬ તથા જી. પી. એકટ ની કલમ-૧૩૫(૧) | | | |
| ૭ | હેંમતભાઇ ભરતભાઇ ગામી | ૦૨/૧૦/૨૦૧૯ | | ભા. દં. સં. ૧૮૬૦ ની કલમ - ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૨૩, ૫૦૪, ૫૦૬ તથા જી. પી. એકટ ની કલમ-૧૩૫(૧) | | | |
| ૮ | કેતનભાઇ મનહરભાઇ પટેલ | ૦૨/૧૦/૨૦૧૯ | | ભા. દં. સં. ૧૮૬૦ ની કલમ - ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૨૩, ૫૦૪, ૫૦૬ તથા જી. પી. એકટ ની કલમ-૧૩૫(૧) | અબેટ | | |
| ૯ | મહેન્દ્રભાઇ પરભુભાઇ ભાલીયા | ૦૨/૧૦/૨૦૧૯ | | ભા. દં. સં. ૧૮૬૦ ની કલમ - ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૨૩, ૫૦૪, ૫૦૬ તથા જી. પી. એકટ ની કલમ-૧૩૫(૧) | | | |
| ૧૦ | નિરવભાઇ દિનેશભાઇ ભાલીયા | ૦૨/૧૦/૨૦૧૯ | | ભા. દં. સં. ૧૮૬૦ ની કલમ - ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૨૩, ૫૦૪, ૫૦૬ તથા જી. પી. એકટ ની કલમ-૧૩૫(૧) | | | |
| ૧૧ | શિવમભાઇ વિજયભાઇ ભાલીયા | ૧૮/૧૦/૨૦૧૯ | | ભા. દં. સં. ૧૮૬૦ ની કલમ - ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૨૩, ૫૦૪, ૫૦૬ તથા જી. પી. એકટ ની કલમ-૧૩૫(૧) | | | |
| ૧૨ | પુનમબેન જયેશભાઇ ભાલીયા | ૧૮/૧૦/૨૦૧૯ | ૧૮/૧૦/૨૦૧૯ | ભા. દં. સં. ૧૮૬૦ ની કલમ - ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૨૩, ૫૦૪, ૫૦૬ તથા જી. પી. એકટ ની કલમ-૧૩૫(૧) | | | |
| ૧૩ | દિપેશભાઇ | ૧૮/૧૦/૨૦૧૯ | ૧૮/૧૦/૨૦૧૯ | ભા. દં. સં. | | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | અરવિંદભાઇ પટેલ | | | ૧૮૬૦ ની કલમ – ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૨૩, ૫૦૪, ૫૦૬ તથા જી. પી. એકટ ની કલમ–૧૩૫(૧) | | | |
| ૧૪ | રાધાબેન પરભુભાઇ ભાલીયા | ૧૮/૧૦/૨૦૧૯ | ૧૮/૧૦/૨૦૧૯ | ભા. દં. સં. ૧૮૬૦ ની કલમ – ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૨૩, ૫૦૪, ૫૦૬ તથા જી. પી. એકટ ની કલમ–૧૩૫(૧) | | | |
| ૧૫ | સુનિલભાઇ રાજુભાઇ ભાલીયા | ૨૩/૧૦/૨૦૧૯ | ૨૩/૧૦/૨૦૧૯ | ભા. દં. સં. ૧૮૬૦ ની કલમ – ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૨૩, ૫૦૪, ૫૦૬ તથા જી. પી. એકટ ની કલમ–૧૩૫(૧) | | | |
| ૧૬ | કિરણ ઉર્ફે તલવાર ભરત ભાઇ રાઠોડ | ૨૯/૧૨/૨૦૧૯ | ૦૭/૦૧/૨૦૨૦ | ભા. દં. સં. ૧૮૬૦ ની કલમ – ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૨૩, ૫૦૪, ૫૦૬ તથા જી. પી. એકટ ની કલમ–૧૩૫(૧) | | | |
| ૧૭ | રાકેશભાઇ અમરસિંહ ભાઇ રાઠોડ | ૨૯/૧૨/૨૦૧૯ | ૦૭/૦૧/૨૦૨૦ | ભા. દં. સં. ૧૮૬૦ ની કલમ – ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૨૩, ૫૦૪, ૫૦૬ તથા જી. પી. એકટ ની કલમ–૧૩૫(૧) | | | |
| ૧૮ | સુનિલભાઇ બળવંતભાઇ ચૌધરી | ૨૯/૧૨/૨૦૧૯ | ૦૭/૦૧/૨૦૨૦ | ભા. દં. સં. ૧૮૬૦ ની કલમ – ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૨૩, ૫૦૪, ૫૦૬ તથા જી. પી. એકટ ની કલમ–૧૩૫(૧) | | | |

## મુદ્દામાલની વિગતઃ–

મુદ્દામાલ પાવતી નં. ૬૪/૨૦૧૯ તા. ૧૩/૦૯/૨૦૧૯, મુ.મા.પાવતી

નં.૭૭/૨૦૧૯ તા.૦૨.૧૦.૨૦૧૯, મુ.મા.પાવતી નં.૭૧/૨૦૧૯ તા.૨૩. ૦૯. ૨૦૧૯ મુજબ.

| અનુક્રમ નંબર | મુદ્દામાલની વિગત |
|---|---|
| ૦૧ | એક પીળા કલરની ટુંકા બાંયની ટીશર્ટ છે તે. જેની કિમત રૂ.૦૦/૦૦ |
| ૦૨ | એક ગોળ ગળાવાળી લાંબી બાંયની લાલ, ભુરા, સફેદ, બ્લ્યુ,જેવા કલરના આડા પટ્ટાવાળી ટીશર્ટ છે તથા (૨)એક બ્લુય કલરનો જીન્સ પન્ટ છે તે (કિમત રૂ.૦૦/૦૦) |
| ૦૩ | (૧)એક ટુંકી બાંયનું બ્લ્યુ કલરના કોલરવાળી વાદળી જેવા કલરની ટીશર્ટ છે, તથા<br>(૨) એક બ્લ્યુ કલર જેવા કલરનો જીન્સ પેન્ટ છે તે (કિમત રૂ.૦૦/૦૦) |
| ૦૪ | એક ગ્લેનાઝનો પાઇપ બે ફુટ ૨૭ સે.મી. લાંબો છે જેની કિમત ગોળાઇ અઢી સે.મી. જેટલી છે તે. (કિમત રૂ.૦૦/૦૦) |
| ૦૫ | એક ભુરા કલરનો કુર્તો છે તે (કિમત રૂ.૦૦/૦૦) |
| ૦૬ | એક જુનુ પ્લાસ્ટીકના હાથામાં ફીટ કરેલ સ્ટીલનું ચપ્પુ ૯ સેમી જેટલુ લાંબુ છે. તથા એક સે.મી. જેટલુ પહોળું છે તે (કિમત રૂ.૦૦/૦૦) |
| ૦૭ | એક ભુરા કલરનો કુર્તો છે તે. (જેની કિમત રૂ.૦૦/૦૦) |
| ૦૮ | ડીવીડી–૧ (કિમત રૂ.૦૦/૦૦) |

## (એ) ફરિયાદપક્ષ તરફે મૌખિક પુરાવા–

| **અનુક્રમ નં.** | **સાહેદનું નામ** | **વિગત** | **આંક** |
|---|---|---|---|
| ૧ | નિપુલભાઇ હસમુખભાઇ પટેલ | ફરીયાદી | ૨૫ |
| ૨ | યતીનભાઇ સુમનભાઇ પટેલ | સાહેદ | ૨૭ |
| ૩ | દિપનભાઇ નવિનભાઇ પટેલ | સાહેદ | ૨૮ |
| ૪ | રાજુભાઇ શંકરભાઇ ભાલીયા | પંચ સાહેદ | ૩૪ |
| ૫ | સુનિલભાઇ સનમભાઇ પટેલ | પંચ સાહેદ | ૩૭ |

| | | | |
|---|---|---|---|
| ૬ | સતિષભાઈ શિવાભાઈ રાઠોડ | પંચ સાહેદ | ૩૯ |
| ૭ | ગણેશભાઈ ભિખુભાઈ નાયકા | પંચ સાહેદ | ૪૧ |
| ૮ | ધવલભાઈ કિરીટભાઈ સોલંકી | સાહેદ | ૪૨ |
| ૯ | ભાવેશભાઈ ગણપતભાઈ મૈસુરીયા | પંચ સાહેદ | ૪૫ |
| ૧૦ | પ્રગ્નેશભાઈ દિનેશભાઈ પટેલ | પંચ સાહેદ | ૪૭ |
| ૧૧ | હાર્દીકસીંહ માધવસિંહ ગોહિલ | પોલીસ સાહેદ | ૪૮ |
| ૧૨ | દશરથભાઈ બાપાભાઈ ગઢવી | પોલીસ સાહેદ | ૮૨ |
| ૧૩ | જયદીપસિંહ બટુકસિંહ વનાર | પોલીસ સાહેદ | ૮૫ |
| ૧૪ | પદમાબેન જયકુમાર | પોલીસ સાહેદ | ૮૯ |

**(બી) બચાવપક્ષે જો સાહેદ હોય તો,**

| અનુક્રમ નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| Nil | | | |

**(સી) કોર્ટ સાહેદ જો કોઈ હોય તો,**

| અનુક્રમ નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| Nil | | | |

**<u>ફરિયાદપક્ષે આંકે પડેલા દસ્તાવેજી પુરાવા</u>**

| ક્રમ | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૨૬ |
| ૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૨૯ |
| ૩ | ફરીયાદીનું સારવાર સર્ટીફીકેટ | ૩૦ |
| ૪ | સાહેદ યતીન પટેલનું સારવાર સર્ટીફીકેટ | ૩૧ |
| ૫ | સાહેદ દિપેન નવીનભાઈ પટેલનું સારવાર સર્ટીફીકેટ | ૩૨ |

| | | |
|---|---|---|
| ૬ | વિડીયો ફુટેજની ડીવીડી કબજે કર્યાનું પંચનામું | ૩૫ |
| ૭ | આરોપીની શરીરસ્થિતીનું પંચનામું | ૩૬ |
| ૮ | આરોપીની શરીરસ્થિતીનું પંચનામું | ૪૦ |
| ૯ | પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી) નું સર્ટીફીકેટ | ૪૩ |
| ૧૦ | ફરીયાદી તથા ભોગબનનારના કપડા કબજે કર્યાનું પંચનામું | ૪૬ |
| ૧૧ | ગુનાવાળી જગ્યાનો નકશો | ૪૯ |
| ૧૨ | એફ.એસ.એલ. નો સ્થળ પરિક્ષણ અહેવાલ | ૫૦ |
| ૧૩ | રવાનગી પત્રક | ૫૧ |
| ૧૪ | મુદ્ધામાલ જમા કરાવ્યાની પહોંચ | ૫૨ |
| ૧૫ | એફ.એસ.એલ. નો બાયોલોજી રીપોર્ટ તથા ફોરવર્ડીંગ પત્ર | ૫૩ |
| ૧૬ | સીરોલોજી વિભાગનો રીપોર્ટ | ૫૪ |
| ૧૭ | પંચ સ્લીપો | ૭૪થી ૭૯ |
| ૧૮ | ગુનાવાળી જગ્યાનો નકશો બનાવવા યાદી | ૮૬ |
| ૧૯ | હથિયારબંધીનું જાહેરનામું | ૮૭ |
| ૨૦ | સ્ટેશન ડાયરીના ઉતારાની નકલ | ૯૦ |

## – ચુકાદો –

૧. સદર કામના આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કલમ – ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૨૩, ૫૦૪, ૫૦૬ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબના આક્ષેપિત ગુનાનો આક્ષેપ છે. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,

તા.૧૨.૦૯.૨૦૧૯ ના રોજ ક.૧૭.૪૫ વાગે મોજે જોખા ગામની સીમમાં વાવ રોડ ઉપર ગણપતિ વિસર્જનના તહેવાર નિમિતે વાવ ગામના એક મોટર સાયકલ ઉપર આવેલ બે અજાણ્યા ઇસમો ઉતાવળે મોટર સાયકલ ચલાવી જતા હોય જોખા ગામના માણસો કલ્પેશભાઇ જયસુખભાઇ પટેલ અને જીગ્નેશભાઇ પટેલ તથા ભદ્રેશભાઇ મોહનસિંહ

દેસાઇ નાઓએ તેમને ભાઇ શું ઉતાવળ છે તમે ધીમે ચલાવ તેમ કહેતા તેઓની બોલાચાલી થયેલી જે બાબતની અદાવત રાખી આરોપીઓ એ એકસંપ થઇ ગેરકાયદેસરની મંડળી રચી આરોપી નં.૧૬ કિરણ ઉર્ફે તલવારે તથા આરોપી નં.૫ રવિન્દ્ર, આરોપી નં.૧૭ રાકેશભાઇ રાઠોડ તથા આરોપી નં.૧૮ સુનિલભાઇ ચૌધરીનાઓએ આ કામના ફરીયાદી નિપુલભાઇ હસમુખભાઇ પટેલને પકડી લઇ આને ગળામાં ચપ્પુ મારીને મારી નાખો તેમ કહી, નાલાયક ગાળો આપી, ઢીકમુકકીનો માર મારી આરોપી નં.૧૮ સુનિલભાઇ ચૌધરીએ ફરીયાદીને ચપ્પુ જેવા હથિયારથી જમણા કાન ઉપર ઘા કરી ઈજા પહોંચાડી તથા ઈજા પામનાર સાહેદ ચતીન સુમનભાઇ પટેલને આરોપી નં.૩ મહેશભાઇ તથા આરોપી નં.૬ ભાવિકભાઇ, આરોપી નં.૪ પ્રકાશભાઇ, આરોપી નં.૧૧ શિવમભાઇ તથા આરોપી નં.૧૫ સુનિલભાઇ ભાલીયા નાઓએ ઢીકમુકકીનો માર મારી તથા પાઇપથી માર મારી જમણી આંખની ઉપર તથા કપાળના ભાગે મારી ઈજા પહોંચાડી તેમજ ઈજા પામનાર સાહેદ દિપનભાઇ નવિનભાઇ પટેલ, આરોપી નં.૭ હેમંતભાઇ ગામી, આરોપી નં.૧૧ નિરવભાઇ, આરોપી નં.૯ મહેન્દ્રભાઇ ભાલીયા નાઓએ પકડી રાખી, ઢીકમુકકીનો માર મારી તથા પાઇપથી માર મારી આરોપી નં.૧ ધનસુખભાઇ તેના હાથમાં રહેલ પાઇપથી મરણતોલ સપાટો મારી ડાબી આંખની ઉપરના ભાગે તથા ડાબા કાનના ઉપરના ભાગે માથામાં ઈજા પહોંચાડી તથા સહ આરોપી નં.૨ હાજી કાસમ તથા આરોપી નં.૧૩ દિપેશભાઇ પટેલ નાઓએ મારો મારો તેવી બુમો પાડી મારવા માટે ઉશ્કેરણી કરી, જાનથી મારી નાખવાની કોશીષ કરી, વાવ ગામેથી કેવી રીતે અપડાઉન કરો છો તે અમો હવે જોઇ લઇશું તેવી ધમકી આપી, આરોપીઓએ ઉપરોકત આક્ષેપિત ગુનાઓ આચરેલ હોવાની ફરીયાદ કરેલ.

૨. ફરીયાદીની ઉપરોકત કામરેજ પોલીસ સ્ટેશનમાં જવાબદાર અમલદારે નોંધ આગળની તપાસ, તપાસ કરનાર અમલદાર ને સુપરત કરેલ. તપાસ

કરનાર અમલદાર દ્વારા સદર ગુનાની તપાસ સંભાળ્યા બાદ લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધેલા, ગુનાવાળી જગ્યાનું પંચનામું, આરોપીઓનું અટક પંચનામું, ફરીયાદી તથા ભોગબનનારના કપડા કબજે કર્યાનું પંચનામું, વિડીયો કુટેજની ડીવીડી કબજે કર્યાનું પંચનામું કરેલ તેમજ એફ.એસ.એલ. સુરત ખાતે સ્થળ પરિક્ષણ રીપોર્ટ, મુદ્દામાલ પૃથ્થકરણ કરી અભિપ્રાય આપવા બાબત લખેલ પત્ર, તેમજ એફ.એસ.એલ. અભિપ્રાય મેળવી તપાસના કામે સામેલ રાખી તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવા જણાતા આક્ષેપિત ગુના અન્વયે ચાર્જશીટ તપાસ કરનાર અમલદાર દ્વારા કઠોરના એડી.સીવીલ જજ અને જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.ની કોર્ટ ખાતે રજુ કરવામાં આવેલ જેને ક્રિમીનલ કેસ નં. ૫૦૩/૨૦૨૦ થી નોંધવામાં આવેલ. આરોપીઓ સામેનો આક્ષેપિત ગુનાની ન્યાયિક કાર્યવાહી ચલાવવાની સત્તા માત્ર સત્ર અદાલતને હોય જેથી કઠોરના વિ. એડી.સીવીલ જજ અને જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.ની કોર્ટ નાઓએ ક્રિ. પ્રો. કોડ ની કલમ – ૨૦૭, ૨૦૯ અન્વયેની કાર્યવાહી કરી સદર કેસ નામ. સેશન્સ કોર્ટ સુરત નાઓ તરફ કમીટ કરતા સદર કેસ સેશન્સ કેસ નં. ૨૫૨/૨૦૨૨ થી દાખલ કરવામાં આવેલ અને આગળની કાર્યવાહી માટે અત્રેની અદાલત તરફ મોકલી આપવામાં આવેલ છે.

૩. સદર કેસ અત્રેની અદાલતને મળ્યા બાદ આરોપીઓ વિરૂધ્ધ પ્રોસેસ કાઢતા અને તેની બજવણી આરોપીઓને થતા આરોપીઓ નામ. કોર્ટમાં હાજર થયેલ ત્યારબાદ ક્રિ. પ્રો. કોડ ની કલમ – ૨૦૭ ની જોગવાઇ અન્વયે આરોપીઓને પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાત્રી કર્યા બાદ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૨૨૬ ની જોગવાઇ અન્વયે ફરીયાદપક્ષની પ્રાથમિક વિગતો સાંભળ્યા બાદ આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપિત ગુના અંગેનું તહોમતનામું ફરમાવવા પુરતો પુરાવો જણાતા મારા પુરોગામીશ્રીએ આ કામના આરોપીઓ સામે આંક –૫ થી આક્ષેપિત ગુના અન્વયે તહોમતનામું

ફરમાવી તે અંગે આરોપીઓનો જવાબ નોંધતા આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરી સદર કેસની ન્યાયિક કાર્યવાહી ચલાવવા વિનંતિ કરેલ. આરોપીઓની પ્લી અનુક્રમે આંક –૬ થી આંક–૨૩ થી નોંધવામાં આવેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષનો પુરાવો રજુ કરવા સુચના આપવામાં આવેલ છે.

સદર કામે ટ્રાયલ દરમ્યાન આ કામના આરોપી નં.૮ કેતનભાઇ મનહરભાઇ પટેલ નાઓનું તા.૨૦.૦૭.૨૦૨૪ ના રોજ અવસાન થયેલ હોવાનું મરણ અંગેનું પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ આંક–૮૪ થી રજુ થયેલ છે. તથા આરોપી પ્રકાશભાઇ ભીખાભાઈ ભાલીયા નાઓ તા.૨૦.૦૮.૨૦૨૩ ના રોજ મરણ ગયેલ હોય તેમનો મરણનો દાખલો આંક–૭૧ વાળી પુરસીસ સાથે રજુ થયેલ હોય અને આંક–૭૩ ની રીપોર્ટ સાથે તેનો વેરીફાય થયેલ રીપોર્ટ રજુ થયેલ હોય જે ધ્યાને લઈ આ કામના આરોપી નં. (૪) આરોપી પ્રકાશભાઇ ભીખાભાઈ ભાલીયા તથા આરોપી નં.(૮) કેતનભાઇ મનહરભાઇ પટેલ સામે સદર કેસની કાર્યવાહી અબેટ કરવામાં આવેલ છે.

૪. ત્યારબાદ ફરીયાદપક્ષે ઉપરોકત ફોર્મ સી માં જણાવ્યા પ્રમાણે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે અને આંક –૯૨ થી વધુ પુરાવો રજુ કરવો ન હોય કલોઝીંગ પુરસીસ આપેલ છે.

૫. ફરીયાદપક્ષના પુરાવા પર થી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ –૩૧૩ ની જોગવાઈઓ અન્વયે પ્રત્યેક આરોપીઓનું વિશેષ નિવેદન નોંધતા ફરીયાદપક્ષે આપેલ તમામ પુરાવાનો ઈન્કાર કરેલ છે. આરોપીઓએ બચાવપક્ષે સાહેદો તપાસેલ નથી. સોગંદ ઉપર પુરાવો આપેલ નથી પરંતુ વિશેષમાં એવુ જણાવેલ છે કે " તેઓ તદ્દન નિર્દોષ હોય, સદર ગુનાના કામે તેઓએ કોઈ ભાગ ભજવેલ ન હોય કે તેમનો કોઈ રોલ ન હોય, પોલીસે ખોટી રીતે તેઓને સદર કામે સંડોવી દીધેલ હોય, તેઓ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતિ કરેલ છે."

૬. ત્યારબાદ ફરીયાદ પક્ષે વિ.એ.જી.પી. વિ. એલ. ફળદુનાએ તથા

આરોપીઓ તરફે વિ.વ. શ્રી વી. સી. લાઠીયા નાએ પોતાની મૌખિક દલીલો રજુ કરેલ છે.

૬.૧ ફરીયાદપક્ષે વિ. એ. જી. પી. વિ. એલ. ફળદુ નાઓએ ફરીયાદપક્ષે રજુ થયેલ તમામ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લઇ એવી દલીલ કરેલ છે કે, આ કામે તપાસવામાં આવેલ ફરીયાદી તથા સાહેદોએ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપેલ નથી. પરંતુ આ કામે આંક–૩૦ થી આંક–૩૨ સુધી રજુ થયેલ મેડીકલ સર્ટીફીકેટ જોતા આ કામે બનાવમાં ફરીયાદી તથા સાહેદોને ઈજા થયેલ હોવાનું આપેલ પુરાવાથી ફરીયાદપક્ષના કેસને સમર્થન પ્રાપ્ત થાય છે. આ કામે તમામ પંચ સાહેદો હોસ્ટાઇલ જાહેર થયેલ છે પરંતુ તેઓએ પંચનામાંમાં તેઓની સહીઓ ઓળખી બતાવેલ છે. આ કામે રજુ થયેલ પોલીસ સાહેદોનો પુરાવો ધ્યાને લેતા તેઓએ સદર ગુનાના કામે કરેલ કામગીરી અંગેનું વર્ણન તેમની જુબાનીમાં કરેલ છે અને ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી હકીકતો જણાવેલ છે. આમ, પડેલ પુરાવા ઉપરથી આરોપીઓએ ગુના કામે ભજવેલ ભાગ જોતા આરોપીઓને તકસીરવાન ઠરાવી કાયદામાં જણાવેલ સખતમાં સખત સજા તથા ભારે દંડ કરવા વિનંતિ કરેલ છે.

૬.૨ આ કામે આરોપીઓ તરફે વિ.વ.શ્રી વી. સી. લાઠીયા નાઓએ તેઓની મૌખિક રજુઆતમાં મુખ્યત્વે જણાવેલ છે કે, આ કામે ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ મહત્વના સાહેદો ફરીયાદી તથા બનાવમાં ઈજા પામનાર સાહેદોએ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન આપેલ નથી તેઓને વિમુખ થયેલા સાહેદો જાહેર કરવામાં આવેલ છે. તેમજ, રજુ થયેલ પંચનામાંના પંચ સાહેદોએ પંચનામાંની હકીકતોને સમર્થન આપેલ નથી અને વિમુખ થયેલા સાહેદો જાહેર કરવામાં આવેલ છે જેથી રજુ થયેલ પંચનામાંઓ પુરવાર થતા નથી. તેમજ, આ કામે રજુ થયેલ પોલીસ સાહેદોનો પુરાવો ધ્યાને લેતા તેઓએ ગુનાના કામે કરેલ કામગીરી અંગેનું વર્ણન તેમની જુબાનીમાં કરેલ છે. પરંતુ, તેઓ બનાવના પ્રત્યક્ષ સાહેદ ન

હોય ત્યારે બનાવના પ્રત્યક્ષ સાહેદના પુરાવાથી આરોપી સામેના ગુનાઓ સાબિત થતા ન હોય અને અન્ય કોઈ સ્વંતત્ર પુરાવો રજુ થયેલ ન હોય જેથી માત્ર પોલીસ સાહેદોનો પુરાવો આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય તેવો કોઈ ઠોસ, સચોટ કે કડીબધ્ધ પુરાવો જણાઈ આવતો ન હોય આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતિ કરેલ છે.

૭. ઉપરોકત વિગતે પરથી અને કેસના આખરી નિકાલ માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**મુદ્દાઓઃ–**

૧. શું ફરીયાદપક્ષ શંકાથી પર અને કડીબધ્ધ રીતે સાબિત કરે છે કે, તા.૧૨.૦૯.૨૦૧૯ ના રોજ ક.૧૭.૪૫ વાગે મોજે જોખા ગામની સીમમાં વાવ રોડ ઉપર ગણપતિ વિસર્જનના તહેવાર નિમિતે આરોપીઓએ એકસંપ થઈ, ગેરકાયદેસરની મંડળી રચી, આરોપીઓએ ફરીયાદી તથા સાહેદોનો મારી નાખવાના ઈરાદે ચપ્પુ જેવા તિક્ષ્ણ હથીયાર ધારણ કરી, ફરીયાદી તથા સાહેદોને મારી નાખવાના ઈરાદે કે તેઓનો ખુન કરવાના ઈરાદે, તેના શરીરે ઈજા નિપજાવી ભારતીય દંડ સંહિતાની કલમ–૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭ અન્વયેનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે?

૨. શું ફરીયાદપક્ષ શંકાથી પર કડીબધ્ધ રીતે સાબિત કરે છે કે, આ કામના આરોપીઓએ ઉપરોકત તારીખે, સમયે અને સ્થળે આ તિક્ષ્ણ હથીયાર ધારણ કરી ઈજા પામનાર ફરીયાદી તથા સાહેદોને સ્વેચ્છાએ વ્યથા નિપજાવી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩ મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે?

૩. શું ફરીયાદપક્ષે શંકાથી પર અને કડીબધ્ધ રીતે સાબિત કરે છે કે, આ કામના આરોપીઓએ ઉપરોકત સમય, તારીખે અને સ્થળે ફરીયાદી તથા સાહેદો જાહેર સુલેહ શાંતિનો ભંગ કરી બેસે તેવા ઈરાદે સાંકળતા કથનો કરી તેમજ ફરીયાદીના માનસ ઉપર ભય સંકટનું વાતવારણ ઉભુ થાય

તેવા ઈરાદાથી ભય નિપજાવી ફરીયાદી કાયદેસર રીતે જે કરવા બંધાયેલ હોય તેમજ જે કૃત્ય કરવા બંધાયેલ ન હોય તેવુ કૃત્ય કરવા ફરજ પાડી, ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪, ૫૦૬ મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે?

૪. શું ફરીયાદપક્ષ શંકાથી પર અને કડીબધ્ધ રીતે સાબિત કરે છે કે, આ કામના આરોપી ઉપરોકત સમયે, સ્થળે અને તારીખે સક્ષમ અધિકારીનું હથીયારબંધીનું જાહેરનામું અમલમાં હોવા છતાં પોતાની પાસે હથીયાર ધારણ કરી જાહેરનામાંનો ભંગ કરી ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૫(૧) અન્વયેનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે?

૫. શું હુકમ?

૮. ઉપરોકત મુદ્દાઓના મારા તારણો નીચે મુજબ છે.

**તારણોઃ–**

૧. નકારમાં

૨. નકારમાં,

૩. નકારમાં,

૪. નકારમાં,

૫. છેવટના હુકમ મુજબ.

૯. ઉપરોકત તારણોના મારા કારણો નીચે મુજબ છે.

**<u>ફરીયાદપક્ષના પુરાવાઓનું વર્ણનઃ–</u>**

સદર કામે આરોપીઓ સામે આક્ષેપિત ગુનાના ગુણદોષ ઉપર ચર્ચા કરતા પુર્વે ફરીયાદપક્ષે તે ગુનો સાબિત કરવા માટે આપેલ પુરાવાઓનું વર્ણન કરવુ જરૂરી છે. જે નીચે મુજબ છે.

**<u>ફરીયાદીનો પુરાવોઃ–</u>**

૧. ફરીયાદપક્ષે આંક–૨૫થી ફરીયાદી નિપુલભાઇ હસમુખભાઇ પટેલ નાઓને તપાસેલા છે. તેઓનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા, તેઓ એવુ જણાવે છે કે,

તેઓ તેમના જન્મથી પાદર ફળીયામા રહે છે અને ખેતી કરી તેમનું અને તેમના પરીવારનુ ગુજરાન ચલાવે છે. બનાવ આશરે બે વર્ષ પહેલા બનેલ હતો ચોક્કસ તારીખ યાદ નથી. તે દિવસે ગણેશ વિશર્જનનો તહેવાર હતો. તેઓ ફળીયાના લોકો તે દિવસે ગણપતી વિર્સર્જન કરવા તેમના ગામના તળાવ આગળ હાજર હતા ત્યારે બપોરે આશરે ચારેક વાગ્યે તેઓ સૌ વિસર્જનની વ્યવસ્થામા હતા ત્યારે બિજા લોકોનુ ટોળુ ત્યાં હતુ અને અજાણ્યા લોકો મોટર સાયકલ ઉપર ત્યાંથી જતા હતા. તે સમયે ત્યાં ધક્કામુકી અને દોડધામ થઇ ગયેલ. અને તેઓ તે સમયે દોડતા દોડતા ટ્રેકટર ઉપર ચઢવા જતા હતા ત્યારે તેમને ઈજાઓ થયેલ. તે સમયે તેમની સાથે તેમા ફળીયાના કલ્પેશભાઇ, જિગ્નેશભાઇ, યતિનભાઇ, દિપનભાઇ પણ હતા અને તે લોકોને પણ ઈજાઓ થયેલ હતી. તે સીવાય તેમના ફળીયાના બિજા કોઇએ ઈજા અંગે કે ઝઘડા અંગે કંઈ જણાવેલ નહી. તેમણે કોઈ વ્યકિતઓને હથીયાર, પાઈપ, ચપ્પુ લઈને ઉભેલા જોયેલા નથી. તેમને કાનની ઉપરના ભાગે મોઢા ઉપર ઈજા થયેલ હતી, તે ઈજા પડી જવાના કારણે થયેલ હતી. તેઓ એવુ જણાવે છે કે, એવુ બનેલ નથી કે તે સમયે ફળીયા વાળાને કોઈ ટોળા સાથે બોલાચાલી કે ગાળાગાળી થયેલ અને ટોળાના માણસોએ તેમના ઉપર હથીયારો વડે હુમલો કરેલ હોય. તેમણે પોતાની ઈજાની સારવાર દિનબંધુ હોસ્પીટલમા કરાવેલ. બનાવ બાબતેની ફરીયાદ તેમણે કામરેજ પોલીસ સ્ટેશનમા દિનબંધુ હોસ્પીટલ ખાતે લખાવેલ. ફરીયાદમા તેમણે પોતાની સહિ કરેલ. તેમને નિશાની–૪/૧ થી રજુ અસલ ફરિયાદ બતાવવામા આવે છે તેમા તેમની સહિ છે જે તેઓ ઓળખી બતાવે છે. જે આંક–૨૬થી રજુ થયેલ છે. તેઓ બે દિવસ હોસ્પીટલમાં સારવાર હેઠળ રહેલા હતા. તેમણે પોતાના બનાવ સમયના કપડા પોલીસમા રજુ કરેલ હોય તેવુ બનેલ નથી. તેમને કોર્ટમા હાજર આરોપીઓ બતાવતા તે પૈકીના કોઈ વ્યક્તીઓને બનાવ સમયે જોયેલ હોય તેવુ યાદ આવતુ ન હોવાનું જણાવે છે. સદર ફરીયાદીએ ફરીયાદપક્ષના

કેસની હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ ન હોય તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કર્યા બાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્ધારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત જણાવેલ નથી.

જયારે બચાવપક્ષે વિ.વ.શ્રી દ્ધારા કરવામાં આવેલ ઉલટતપાસમાં મહત્વની એવી હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવના દિવસે ગણેશ વિસર્જનનો દિવસ હતો અને તેમાં સોથી બસો જેટલા માણસો હતા, વિસર્જનમાં તેઓ જતા હતા ત્યારે અડધા લોકો નિચે હતા અને અડધા લોકો ટ્રેકટરમા હતા, ટ્રેકટરની ટોલીમા આશરે પચાસેક જેટલા માણસો હતા, તેઓ નિચે હતા અને તેમણે ટ્રેકટરમા ઉપર ચઢવાનો પ્રયત્ન કરેલો, ટ્રેકટર ઉપર ચઢવા જતા તેઓ ટોલીમાથી નીચે પડી ગયેલ, પડી જવાથી તેમને ઈજાઓ થયેલ, આ આરોપીઓ પૈકી કોઇ પણ આરોપીઓએ તેમને કોઈ ઈજા પહોંચાડી હોય તેવુ બનેલ નથી, આ આરોપીઓએ પૈકી કોઈ પણ આરોપીઓએ તેમને કોઇ જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ નથી, એવુ બનેલ નથી કે આરોપીઓએ હથીયારથી ઈજા પહોચાડેલ, બનાવના દિવસે કોણે કેવા કપડા પહેરેલ તે તેમને ખબર નથી, તેમણે હોસ્પીટલમા ડોક્ટર રુબરુ કોઈ હિસ્ટ્રી જણાવેલ નથી, આ આરોપીઓ પૈકી કોઇએ તેમને ગાળો આપેલ હોય કે ઢીકમુક્કીનો માર મારેલ હોય તેવુ બનેલ નથી, ફરીયાદમા તેમણે ફક્ત સહિ કરેલ તેમાં શું હકીકત લખેલ તેની તેમને ખબર નથી.

**પંચ સાહેદોનો પુરાવોઃ-**

૨. ફરીયાદપક્ષે આંક-૩૪થી સાહેદ નં.૪ તરીકે પંચ સાહેદ રાજુભાઈ શંકરભાઇ ભાલીયા તથા આંક-૩૭થી સાહેદ નં.પ તરીકે પંચ સાહેદ સુનિલભાઇ સનમભાઈ પટેલનાઓને તપાસેલા છે. આ બન્ને પંચ સાહેદો આંક-૩૫ વાળા વિડીયો ડીવીડી કબજે કર્યાના પંચનામાં તથા આંક-૩૬ વાળા

આરોપીઓની શરીરસ્થિતીના પંચનામાંના સાહેદો છે. તેમજ, ફરીયાદપક્ષે આંક–૩૯થી સાહેદ નં.૬ તરીકે પંચ સાહેદ સતિષભાઇ શિવાભાઇ રાઠોડને તથા આંક–૪૧થી સાહેદ નં.૭ તરીકે પંચ સાહેદ ગણેશભાઇ ભીખુભાઇ નાયકાને તપાસેલા છે. આ બન્ને પંચ સાહેદો આંક–૪૦ વાળા આરોપીની શરીરસ્થિતીના પંચનામાંના પંચ સાહેદો છે. તેમજ, ફરીયાદપક્ષે આંક–૪૫થી સાહેદ નં.૯ તરીકે પંચ સાહેદ ભાવેશભાઇ ગણપતભાઇ મૈસુરીયાને તથા આંક–૪૭થી સાહેદ નં.૧૦ તરીકે પંચ સાહેદ પ્રગ્નેશભાઇ દિનેશભાઇ પટેલને તપાસેલા છે. આ બન્ને પંચ સાહેદો આંક–૪૬થી રજુ ફરીયાદી તથા ઈજા પામનાર સાહેદોના કપડા કબજે કર્યાના પંચનામાંના પંચ સાહેદો છે.

આ તમામ પંચ સાહેદોનો મૌખિક પુરાવો ધ્યાને લેતા આ કામે તમામ સબંધિત પંચનામાંના પંચ સાહેદોએ પંચનામાંમાં પોતાની સહીઓ સિવાય અન્ય કોઇ મજકુરોને સમર્થન કરતા નથી. ફરીયાદપક્ષે તેઓ તમામને વિમુખ જાહેર કરી પુરાવા અધિનિયમની કલમ–૧૫૪ ની જોગવાઇ મુજબ વિગતવારની ઉલટતપાસ કરવા છતાં ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતી હોય અથવા રજુ થયેલ પંચનામાંઓના કથનો અને સંપાદનોને સમર્થન કરતી હોય તેવી કોઇ મહત્વની હકીકત ફરીયાદપક્ષ આ તમામ પંચ સાહેદોના પુરાવાથી રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

ફરીયાદપક્ષે આંક–૨૯થી ગુનાવાળી જગ્યાનું પંચનામું તથા આંક–૩૦ થી ૩૨ થી ફરીયાદી તથા સાહેદોના ઈજાના પ્રમાણપત્રો રજુકર્યા છે. જે બચાવપક્ષે શેરો કરી આંક આપવા સામે તકરાર ન હોવાનું જણાવેલ છે. આ દસ્તાવેજો અંગે ફરીયાદપક્ષે કોઇ સાહેદ તપાસેલ નથી. આમ છતાં, આ દસ્તાવેજો ધ્યાને લેતા ગુનાવાળી જગ્યા પરથી આરોપીને ગુના સાથે સાંકળતી હોય તેવી કોઇ કડી મળી આવેલ નથી. તેમજ, ફરીયાદી તથા સાહેદોને ઈજા આરોપીએ કરેલ હોય તેવી કોઇ હિસ્ટ્રી તેઓએ ડોકટર સમક્ષ આપેલ નહોય જેથી ઉપરોકત દસ્તાવેજોથી પણ આરોપીઓને ગુના સાથે સાંકળતી કોઇ મહત્વની કડી પ્રકાશિત થતી નથી.

**સાહેદોનો પુરાવોઃ–**

૩. ફરીયાદપક્ષે આંક–ર૭થી સાહેદ નં.ર તરીકે સાહેદ યતીનભાઇ સુમનભાઇ પટેલને તપાસવામાં આવેલ છે. સદર સાહેદનો પુરાવો ધ્યાને લેતા તેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ છેલા પંદરેક વરસથી પાદર ફળીયામાં તેમના પરીવાર સાથે રહે છે. બનાવ ગણેશ વિશર્જનનો તહેવાર ના રોજ સાંજે બનેલ હતો તે સમયે તેઓ ફળીયાના માણસો લેડીસ અને છોકરાઓ ટ્રેકટરમા બેસી ને ગયેલા, તળાવ કિનારે તેમના ગામ સિવાય બિજા ગામના લોકોના ટોળા હતા અને ત્યાં વિસર્જનમા દોડાદોડ અને બોલાચાલી થયેલ જેથી તેઓ ફળીયાના લોકો દોડીને ટ્રેકટરમા બેસવા લાગેલા અને તે દોડાદોડીમા તેઓ લોકોને નાનીમોટી ઈજાઓ થયેલ હતી. અને ત્યારબાદ ફળીયા પાસે પહોંચેલ ત્યારે પણ તેઓ લોકો ટ્રેકટરમાથી ઝડપથી ઉતરવા જતા ઈજાઓ થયેલ. તેઓ લોકોએ દિનબંધુ હોસ્પીટલમા સારવાર કરાવેલ, તેમને કપાળ ઉપર ઈજા થયેલ. તેઓ એવુ જણાવે છે કે, એવુ બનેલ નથી કે તેઓ સૌને કોઇ ગામના લોકોએ ટોળુ બનાવી આવી પાઇપ તેમજ ચપ્પુ જેવા હથીયાર વડે હુમલો કરેલ હોય અને તેથી તેઓને ઈજાઓ થયેલ. પોલીસે હોસ્પીટલમા નિવેદન લીધેલ તે સમયે તેમણે પોલીસને કોઇ હકિકત લખાવેલ નહી, તેમણે ફક્ત તેમનું નામઠામ લખાવેલ. કોર્ટમા હાજર આરોપીઓ પૈકી તેઓ કોઇને ઓળખતા નથી. બનાવ બાબતે નિપુલભાઇએ ફરીયાદ આપેલ. તેમણે પોલીસને કોઇ કપડા રજુ કરેલ નહી. સદર સાહેદે ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ ન હોય તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કર્યા બાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્બારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત જણાવેલ નથી.

જયારે બચાવપક્ષે વિ.વ.શ્રી દ્બારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે, બનાવના દિવસે ગણેશ વિસર્જનનો દિવસ

હતો. એ વાત કબુલે છે કે તેમાં સો થી બસો જેટલા માણસો ભેગા થયેલ હતા, વિસર્જનમા તેઓ જતા હતા ત્યારે અડધા લોકો ટ્રેકટરમા હતા અને અડધા લોકો નિચે હતા, ટ્રેકટરની ટોલીમા આશરે પચાસેક જેટલા માણસો હતા, તેઓ ટ્રેકટરની નિચે હતો અને તેમણે ટ્રેકટરમા ટોલી ઉપર ચઢવાનો પ્રયત્ન કરેલો, અને ટ્રેકટર ઉપર ચઢવા જતા તેઓ ટોલીમાથી નીચે પડી ગયેલ અને પડી જવાથી તેમને ઇજાઓ થયેલ, આ આરોપીઓ પૈકી કોઇ પણ આરોપીઓએ તેમને કોઇ ઇજા પહોચાડી હોય તેવુ બનેલ નથી, આ આરોપીઓએ પૈકી કોઇ પણ આરોપીઓએ તેમને કોઇ જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ નથી, એવુ બનેલ નથી કે આરોપીઓએ હથીયારથી ઇજા પહોચાડેલ, બનાવના દિવસે કોણે કેવા કપડા પહેરેલ તેની તેમને ખબર નથી, હોસ્પીટલમા તેમણે ડોકટર રુબરુ કોઇ હિસ્ટ્રી જણાવેલ નથી, આ આરોપીઓ પૈકી કોઇએ તેમને નાલાયક ગાળો આપેલ હોય કે ઢીકમુક્કીનો માર મારેલ હોય તેવુ બનેલ નથી, પોલીસે તેમનું નામઠામ પુછેલ તે સિવાય કોઇ હકીકત પુછેલ નહી.

૪. ફરીયાદપક્ષે આંક–૨૮થી સાહેદ નં.૩ તરીકે સાહેદ દિપનભાઇ નવિનભાઇ પટેલને તપાસવામાં આવેલ છે. સદર સાહેદનો પુરાવો ધ્યાને લેતા તેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ જન્મથી જ પાદર ફળીયામા તેમના પરીવાર સાથે રહે છે. બનાવ ગણેશ વિશર્જનનો તહેવાર ના રોજ સાંજે બનેલ હતો. ચોક્કસ તારીખ હાલ તેમને યાદ નથી. તે દિવસે સાંજે આશરે ચારેક વાગ્યે તેઓ ફળીયાના લોકો ટ્રેકટરમા બેસી ગણેશ વિસર્જનમાટે ગામના તળાવ પાસે ગયેલા, તળાવ પાસે ઘણી ભીડ હતી અને બીજા ટ્રેકટર અને ટેમ્પો હતા. ત્યાં જોખા ગામ અને વાવ ગામના લોકો વિસર્જન માટે આવેલ હતા. ત્યા રોડ ઉપર આડાતેડા વાહનો મુકેલ હોવાથી લોકોની ભીડ થઇ ગયેલ અને તેમા બોલાચાલી થતા તળાવ કિનારે દોડધામ મચી ગયેલ, તેથી તેમના ફળીયાવાળા લોકો ઝડપથી ટ્રેકટરમા બેસવા જતા નિચે પડી ગયેલા

અને તેમાં તેમને નિપુલભાઇને યતીનભાઇને અને બિજા ફળીયાના લોકોને માથા ઉપર અને હાથ ઉપર ઈજાઓ થયેલ. ત્યારબાદ તેઓ પોતાના ફળીયામાં ટ્રેકટરમાં આવી ગયેલા અને ત્યાં પણ ટ્રેકટરમાથી ઉતરતી વખતે ઘણા લોકોને ઈજાઓ થયેલ હતી. તેઓ એવુ જણાવે છે કે, એવુ બનેલ નથી કે તેમને તેમના ફળીયાના કોઇ માણસે ટેમ્પા વાળો સામેથી આવેલ અને તેની સાથે બોલાચાલી થયેલ હોય તે બાબતે જણાવેલ હોય. એવુ બનેલ નથી કે વાવ ગામના લોકો તેમના ફળીયા પાસે ભેગા થયેલા અને તે લોકોએ તેમના ઉપર હથીયાર વડે હુમલો કરેલ હોય અને તેમા તેઓ લોકોને ઈજા થયેલ હોય. પોલીસે તેમને ફક્ત મારુ નામઠામ પુછેલ, તેમણે પોલીસને કોઇ હકિકત લખાવેલ નથી. તેઓ લોકોએ દિનબંધુ હોસ્પીટલમા સારવાર કરાવેલી. કોર્ટમાં હાજર આરોપીઓ પૈકી તેઓ કોઇને ઓળખતા નથી. સદર સાહેદે ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ ન હોય તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કર્યા બાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત જણાવેલ નથી.

જયારે બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે, બનાવના દિવસે ગણેશ વિસર્જનનો દિવસ હતો, તેમાં તેઓ સો થી બસો જેટલા માણસો ભેગા થયેલ હતા, વિસર્જનમા તેઓ જતા હતા ત્યારે અડધા લોકો ટ્રેકટરમા હતા અને અડધા લોકો નિચે હતા, ટ્રેકટરની ટોલીમા આશરે પચાસેક જેટલા માણસો હતા, તેઓ ટ્રેકટરની નિચે હતો અને તેમણે ટ્રેકટરમા ટોલી ઉપર ચઢવાનો પ્રયત્ન કરેલો, અને ટ્રેકટર ઉપર ચઢવા જતા તેઓ ટોલીમાથી નીચે પડી ગયેલ, ટ્રેકટરમાંથી નિચે પડી જવાથી તેમને ઈજાઓ થયેલ, આ આરોપીઓ પૈકી કોઇ પણ આરોપીઓએ તેમને કોઇ ઈજા પહોંચાડી હોય તેવુ બનેલ નથી, આ આરોપીઓએ પૈકી કોઇ પણ આરોપીઓએ તેમને કોઇ જાનથી તેમને નાખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ નથી, એવુ બનેલ નથી કે

આરોપીઓએ હથીયારથી ઈજા પહોચાડેલ, બનાવના દિવસે કોણે કેવા કપડા પહેરેલ તેની તેમને ખબર નથી, હોસ્પીટલમા ડોક્ટર રુબરુ તેમણે કોઈ હિસ્ટ્રી જણાવેલ નથી, આ આરોપીઓ પૈકી કોઈએ તેમને નાલાયક ગાળો આપેલ હોય કે ઢીકમુક્કીનો માર મારેલ હોય તેવુ બનેલ નથી, પોલીસે તેમનું નામઠામ પુછેલ તે સિવાય તેમને કોઈ હકીકત પુછેલ નહી.

પ. ફરીયાદપક્ષે આંક-૪૨થી સાહેદ નં.૮ તરીકે સાહેદ ધવલભાઈ કિરીટભાઈ સોલંકીને તપાસવામાં આવેલ છે. સદર સાહેદનો પુરાવો ધ્યાને લેતા તેમાં તેઓએ જણાવેલ છે કે, તેમને આશરે બે વર્ષ પહેલા કામરેજ પોલીસવાળાએ બોલાવેલ હતા અને તેમને લખાણવાળા કાગળમાં સહી કરવાનું કહેતા તેમણે સહી કરેલી તેમાં શેનું લખાણ હતુ તે તેમને વાંચેલ નથી. તેમને નિ.૪/૮થી રજુ ભારતીય પુરાવા આધિનિયમની કલમ-૬૫(બી) નું એક સર્ટીફીકેટ બતાવવામાં આવે છે તેમાં નીચેના ભાગે તેમની સહી છે જે ઓળખી બતાવતા આંક-૪૩થી રજુ થયેલ છે. સદર સર્ટીફીકેટ તેમને વંચાવચા તે વાંચીને કહે છે કે, આવી કોઈ બે ડીવીડી તેમણે પોલીસને આપેલ નથી કે તેમણે કોઈ રેકોર્ડીંગ તેમના કોઈ ડીવાઈસમાં કરેલ નહીં. એવુ બનેલ નથી કે, તેમણે તેમના કોઈ ડીવાઈસમાં કહેવાતા દિવસે ટોળાઓનું ઝગડો થતો હોય તે રેકોર્ડીંગ કરેલ હતુ તેનું ડીવીડીમાં કોપી કરી તેને કુલ્લે બે ડીવીડી પોલીસને તપાસના કામે રજુ કરેલ હોય. તેમણે કોઈ ડીવીડી આપેલ નથી તેથી કોઈ ડીવીડી જોઈને પણ કહી શકે નહીં કે ઓળખી શકે નહીં.

જયારે બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેમણે તૈયાર કાગળો પર સહી કરેલી તે સિવાય બીજી કોઈ હકીકત જાણતા નથી. તેમણે આવુ કોઈ સર્ટીફીકેટ રજુ કરેલ નથી, કોઈ બનાવનો વિડીયો ઉતારેલ નથી અને તે સંદર્ભેની ડીવીડી પોલીસમાં રજુ કરેલ નથી, તેઓ કામરેજ ખાતે રહેતા હોય પોલીસ સહી કરવા બોલાવે

ત્યારે તેઓ સહી કરવા જાય છે.

**<u>પોલીસ સાહેદોનો પુરાવોઃ-</u>**

૬. ફરીયાદપક્ષે સાહેદ નં.૧૧ તરીકે આંક-૪૮થી પોલીસ સાહેદ હાર્દીકસિંહ માધવસીંગ ગોહિલ નાઓને તપાસેલા છે. તેઓએ પોતાના પુરાવામાં જણાવેલ છે કે, સપ્ટે-૨૦૧૯ માં તેઓ કામરેજ પો સ્ટે માં ઈનચાર્જ પી એસ આઇ તરીકે ફરજ બજાવતા હતા. તા. ૧૨/૯/૧૯ ના રોજ ગણેસ વિસર્જનના બંદોબસમા અન્ય પોલીસ સ્ટાફ સાથે તેઓ બંદોબસ્તમાં હતા તે દરમ્યાન પો. કોન્સ. દિપકભાઇ વસરામભાઈનો ફોન આવેલ કે જોખા ગામ પાસે આવેલ ચાંદ તળાવ પાસે ટ્રાફીક જામ થયેલ છે અને માણસોની ભીડ થઇ રહેલ છે જેથી બંદોબસ્તના અન્ય કર્મચારી સાથે તેઓ ચાંદ ચોકડી પાસે ગયેલા. તે દરમ્યાન જોખા ગામના કેટલાક ઈસમોને વાવ ગામના વીસ થી પચ્ચીસ ના ટોળાએ મારા મારી કરી ઈજા પહોચાડેલ છે. તેથી તેઓએ સ્થળ પરથી લોકોને હટાવેલા અને ઈજા પામનાર વ્યક્તિઓને દવાખાને મોકલવા તજવીજ કરેલી. આ સમય દરમ્યાન સ્થળ ઉપર કાયદો વ્યવસ્થા જળવાય એટલે હાજર રહેલા. અને પીએસઆઇ વી આર ચૌધરી નાઓને દવાખાને પહોંચી ઈજા પામનારાઓની ફરીયાદ નોંધવા સુચના આપેલ તેથી તેઓ દિનબંદુ હોસ્પીટલ ખાતે ગયેલા અને ત્યાં ફરીયાદી નિપુલભાઇ હસમુખભાઈ પટેલ નાઓની ફરીયાદ નોંધેલ. તે ફરીયાદ નોંધ્યા બાદ તેઓએ ગુનો નોંધવા માટે પીએસઓને સુપ્રત કરેલ. પીએસઓએ તેને સ્ટેશન ડાયરીમા ૨૧૨/૨૦૧૯ થી નોંધ કરી તેની આગળની તપાસ તેઓને સોપેલ. તેમને આંક-૨૬ ની ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં રુબરુ પણામાં પીએસઆઇ શ્રી ચૌધરીની સહિ છે જેઓએ તેમની સાથે કામ કરેલ હોય તેઓની સહિ તેઓ સારી રીતે ઓળખે છે. સદર ફરીયાદ તેમણે તપાસ કરતા વાંચેલ હોય સદર સાહેદ પોતાના પુરાવામાં આંક-૨૬ વાળી ફરીયાદની હકીકત જણાવે છે. ત્યારબાદ સ્થળ ઉપરની સ્થિતી યોગ્ય

થતા તેઓ પોતે દિનબંદુ હોસ્પીટલ ગયેલા અને ઈજા પામનાર સાહેદો જેમાં દિપેન ભાઇ નવિનભાઈ પટેલ અને યતીનભાઈ સુમનભાઈ પટેલ નાઓના નિવેદન નોંધેલ. જેમાં તેઓએ બનાવની હકીકતો જણાવેલી જે આ સાહેદ જણાવે છે. તેઓ વધુમાં એવો પુરાવો આપે છે કે, ગુનાવાળી જગ્યાનુ પંચનામુ તા. ૧૩/૯ /૨૦૧૯ ના રોજ બે પંચોને હાજર રાખી તેઓએ કરેલુ. જે ગુનાવાળી જગ્યા જીગ્નેશભાઈ નવિનભાઈ પટેલ નાઓએ બતાવેલ. તેમને આંક– ૨૯ વાળુ પંચનામુ બતાવવામા આવે છે તેમાં બન્ને પંચોની અને રુબરુ તરીકે તેમની સહિ છે જે તેઓ ઓળખી બતાવે છે. ત્યારબાદ આ કામે ઈજા પામનાર ફરીયાદી અને સાહેદોના બનાવ સમયેના કપડા બે પંચોની હાજરીમા પંચનામાની રુએ કબજે કરેલ. જે પંચનામુ આંક– ૪૬ થી રજુ છે જે જોઇ ઓળખી બતાવે છે. ત્યારબાદ આ ગુનાના કામે તેમની સાથેનો વિડિયો ગ્રાફર ધવલભાઈ સોલંકી જે હોમગાર્ડના જવાન હતા તેઓએ પોતાના મોબાઇલમા બનાવનો વિડીયો ઉતારેલ હતો તે વિડીયોની તેઓએ ડિવીડી બનાવી રજુ કરેલ જેથી બે પંચોને બોલાવી પંચનામાની રુએ તે ડિવિડી કબજે લીધેલ. તેમજ ધવલભાઈની સહિ વાળુ પુરાવા અધિ. કલમ ૬૫–બી નુ પ્રમાણપત્ર લઈ તપાસના કાગળોમા સામેલ રાખેલ. જે આંક– ૩૫ વાળુ પંચનામુ તેમને બતાવતા તેઓ ઓળખી બતાવે છે. ત્યારબાદ તા.૦૨/ ૧૦/૨૦૧૯ ના રોજ આ ગુનાના કુલ્લે ૧૧ આરોપીઓ પો સ્ટે એ આવી પોતાની જાતે હાજર થતા બે પંચોને બોલાવી તેઓની શરીર સ્થિતીનુ પંચનામુ કરેલ તેમજ તેઓએ રજુ કરેલ હથીયારો પંચનામાની વિગતે કબજે લીધેલ. જે હથીયારો એફ એસ એલ માં તપાસણી માટે મોકલાવેલ. આંક– ૩૬ નુ પંચનામું તેમને બતાવવામા આવે છે જે તેઓ ઓળખી બતાવે છે. અટક કરેલ આરોપીઓના ચહેરા નીશાન પત્રક ભરેલ અને તેઓના એરેસ્ટ મેમા ભરેલ તેમજ તેમના ફીંગરપ્રિન્ટ અને તેમના ફોટાઓ લીધેલા. તેમજ રજીસ્ટરમા નોંધ કરેલ. ત્યારબાદ સદર ગુનાના ત્રણ આરોપીઓ નામે રાધાબેન પ્રભુભાઈ, પુનમબેન જયેશભાઈ અને

દિપકભાઇ યતીનભાઇ નાઓ તા. ૧૮/૧૦/૨૦૧૯ ના રોજ આગોતરા જામીન મેળવી પો સ્ટે એ હાજર થતા તેઓના અટકની કાર્યવાહી કરેલ. સદર ગુનાના કામે નજરે જોનાર સાક્ષીઓના નિવેદનો લીધેલ તેમા જીગ્નેશભાઇ નવીનભાઇ પટેલ, જતીનભાઇ ગુલાબભાઇ પટેલ, કલ્પેશભાઇ પટેલ, ભદ્રેશભાઇ દેસાઇ વિગેરેના નિવેદનો તેઓએ નોંધી લીધેલા. ત્યારબાદ તેમની બદલી પલસાણા પો સ્ટે થતા આ ગુનાની તપાસ તેઓએ પો સ ઇન્સ વનાર સાહેબને સોંપી આપેલ. તેમને નિશાની ૪/૩ થી રજુ ગુનાવાળી જગ્યાનો નકશો બતાવવામા આવે છે જે તેમણે તૈયાર કરેલ તે જ છે જેમા તેમની સહિ છે જે તેઓ ઓળખી બતાવે છે જે નકશો આંક-૪૯થી રજુ થયેલ છે. તેમને નિશાની ૪/૧૩ થી રજુ એફ એસ એલનો સ્થળ પરીક્ષણ અહેવાલ બતાવવામા આવે છે જે તેઓ ઓળખી બતાવતા આંક-૫૦થી રજુ થયેલ છે. સદર કામે શ્રી વનારે તપાસ દરમ્યાન ત્રણ આરોપી સુનિલભાઇ, કિરણ ઉર્ફે તલવાર અને રાકેશ અમરસિંહનાઓની અટક કરેલ. તેમને આંક-૪૦ વાળુ પંચનામું બતાવવામા આવે છે તેમાં રુબરુપણામાં શ્રી વનારની સહિ છે. તેઓની સહિ તેઓ સારી રીતે જાણે છે જે ઓળખી બતાવે છે. તેમને નિશાની ૪/૧૬ થી રજુ રવાનગી પત્રક બતાવવામા જેમાં શ્રી વનારની સહિ છે જે તેઓ ઓળખી બતાવતા આંક-૫૧થી રજુ થયેલ છે. તેમને નિશાની ૪/૧૪ થી રજુ એફ એસ એલ ની પહોંચ બતાવવામા આવે છે જે ઓળખી બતાવતા આંક-૫૨થી રજુ થયેલ છે. તેમને નિશાની ૪/૧૭ થી રજુ એફ એસ એલ નો બાયોલોજી રીપોર્ટ અને ફોરવડીંગ પત્ર બતાવવામાં આવે છે જે ઓળખી બતાવતા આંક-૫૩થી રજુ થયેલ છે. તેમને નિશાની ૪/૧૮ થી રજુ સીરોલોજી રીપોર્ટ બતાવવામા આવે છે જે તેઓ ઓળખી બતાવતા આંક-૫૪થી રજુ થયેલ છે. આરોપીઓ વિરુધ્ધ સદર ગુનાનુ ચાર્જશીટ શ્રી વનાર નાઓએ કરેલ. મુદામાલ તેમને બતાવવામા આવે તો તેઓ જોઇને ઓળખી શકે. તેમજ, તેઓ વધુમાં નામ કોર્ટ સમક્ષ પોતાના પુરાવામાં મુદ્દામાલ આર્ટીકલ નં.૧ થી ૮ બતાવતા

ઓળખી બતાવે છે. જેમાંથી આંક–૭૪થી આંક–૭૯ વાળી પંચ સ્લીપ રજુ કરતા તેમાં પોતાની તથા પંચોની સહીઓ પણ ઓળખી બતાવે છે.

જયારે બચાવપક્ષે વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે, બનાવનો દીવસ ગણપતી વિસર્જનનો હતો અને ત્યાં ઘણા બધા લોકોનું ટોળું હતું, તે કારણે ઘણા બધા લોકોની ધક્કામુક્કીનો પ્રસંગ બનતો હતો.

૭. ફરીયાદપક્ષે સાહેદ નં.૧૨ તરીકે આંક–૮૨થી પોલીસ સાહેદ દશરથભાઇ બાપાભાઇ ગઢવી નાઓને તપાસેલા છે. તેઓએ પોતાના પુરાવામાં જણાવેલ છે કે, સને ૨૦૧૯ ની સાલમાં તેઓ કામરેજ પો સ્ટે માં પો કોન્સ. તરીકે ફરજ બજાવતા હતા. ત્યારે તા. ૧૨/૯/૨૦૧૯ ના રોજ ગણપતી વિસર્જનના દિવસે તેઓ પો સ ઇ શ્રી એચ એમ ગોહીલ નાઓ સાથે સરકારી વાહનમા પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન કામરેજ પો સ્ટે ખાતે ફરજ બજાવતા પો કોન્સ. દિપકભાઇ વસરામભાઇ નાઓને પોસઇ એચ એમ ગોહીલ ઉપર ફોન આવેલ અને જણાવેલ કે નનસાડ વાળા રોડે જોખા ત્રણ રસ્તા પાસે આવેલ તળાવ પર ગણપતિ વિસર્જન બાબતે જોખાગામ અને વાવગામના માણસો વચ્ચે બોલાચાલી ચાલુ છે અને ઝઘડો થાય તેમ છે તેવુ જણાવતા તેઓ તથા પોસઇ એચ એમ ગોહીલ તથા પો કોન્સ દિપકભાઇ હરગોવિંદભાઇ સાથે તળાવ પર પહોંચેલા ત્યારે જોખા ગામના ત્રણ ઇસમોને માથાના ભાગે તથા આંખના ભાગે વાવ ગામના ઇસમોએ ભેગા થઇને તિક્ષ્ણ હરીયાર દ્વાર માર મારેલ નું જણાય આવેલ જેથી તેઓને તાત્કાલીક હોસ્પીટલ રવાના કરેલ. જોખા ગામના ઇસમોને માર મારનાર વાવ ગામના ઇસમો ત્યાં સ્થળ પર હાજર હતા જેથી તેઓને તેઓ જોયે ઓળખે છે તેઓના નામ તેમને ખબર નથી. અને આ વખતે પો સ ઇ એચ એમ ગોહીલની સુચનાથી તેમના મોબાઇલમાં વિડિયો તથા ફોટો લીધેલ તે તેમણે જે તે વખતે પો સ ઇ ના રાઇટર હેડને પેનડ્રાઇવમા આપેલા. આ

બાબતની ફરીયાદ જોખા ગામના નિપુલભાઇ નાઓએ આપેલી. તેઓ આજ રોજ તેવા આરોપીઓને ઓળખી શકે છે. તેઓ આરોપી સુનિલ, હાજી કાસમ, શિવમ, રાહુલને ઓળખી બતાવે છે. પરંતુ તેઓ જે આરોપીને રાહુલ તરીકે ઓળખી બતાવે છે તેનું નામ સુનિલ છે. વળી, આ સાહેદની જુબાનીમાં પેનડ્રાઇવ અને ફોટા ચાર્જશીટ સાથે રજુ થયેલ ન હોય બતાવી શકાયેલ નથી તેવી નોંધ કરેલ છે.

જયારે બચાવપક્ષે વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે, ગણપતી વિસર્જન હોવાના કારણે બનાવના દિવસે લોકોનુ ટોળુ ભેગુ થયેલ હતુ, લોકોનુ ટોળુ હોવાના કારણે ધકામુક્કી થતી હતી. તેઓ પેટ્રોલીંગમા હતા જેથી તેમને વાવ ગામે જવાનુ થાય, હાલના કામના આરોપીને તેમણે ઓળખી બતાવ્યા છે તે વાવ ગામના હોય જેથી આજ રોજ ઓળખી બતાવ્યા છે.

૮. ફરીયાદપક્ષે સાહેદ નં.૧૩ તરીકે આંક–૮૫થી પોલીસ સાહેદ જયદીપસીંહ બટુકસિંહ વનાર નાઓને તપાસેલા છે. તેઓએ પોતાના પુરાવામાં જણાવેલ છે કે, હાલ તેઓ અમરોલી પોસ્ટેમાં પોઇ તરીકે તેમની ફરજ બજાવે છે. સને–૨૦૧૯ માં કામરેજ પોસ્ટેમાં પોઇ તરીકે તેમની ફરજ બજાવતા હતા તે દરમ્યાન તા.૦૪/૧૧/૨૦૧૯ ના રોજ સદર ગુનાની તપાસ પોસઇ એચ.એમ.ગોહીલનાઓ પાસેથી તપાસના કાગળો સહીત સંભાળેલી. ત્યારબાદ તપાસના કામે ત્રણ આરોપીઓની શરીર સ્થિતિનું પંચનામું બે પંચોની હાજરીમાં પંચનામું કરેલું, જે પંચનામું આ કામે આંક–૪૦ થી રજુ છે, જેમાં બે પંચોની તથા રુબરુ તરીકે તેમની સહી છે, ઓળખી બતાવે છે. ત્યારબાદ સાહેદ પ્રકાશભાઇ ભાલીયાનાઓનું નિવેદન લીધેલું. તેમને આંક–૫૧ વાળી રવાનગી નોંધ બતાવામાં આવે છે, તે જોઇને જણાવે છે કે, ગુનાના કામે કબજે કરેલ મુદ્દામાલ તપાસણી અર્થે એફએસએલ ખાતે મોકલેલ તે છે, જેની નીચે તેમની તથા એસીપીનાઓની સહી છે, ઓળખી

બતાવે છે. તેમને આંક–પર વાળી FSL દ્વારા મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ બતાવામાં આવે છે, તે જોઇને જણાવે છે કે, જેમાં જે તે FSL અધીકારીની સહી છે, ઓળખી બતાવે છે. તેમને નિ.૦૪/૦૯ વાળો દસ્તાવેજ બતાવામાં આવે છે, તે જોઇને જણાવે છે કે, તે મામલતદારશ્રીને ગુનાવાળી જગ્યાનો નકશો બનાવવા ઈ/ચા પોઇ એચ.એમ. ગોહીલ નાઓએ યાદી કરેલી તે યાદી છે, જેની નીચે તેમની સહી છે, ઓળખી બતાવતા આંક–૮૬થી રજુ થયેલ છે. તેમને નિ.૦૪/૧૫ વોળો દસ્તાવેજ બતાવામાં આવે છે, તે જોઇને જણાવે છે કે, તે હથીયારબંધીનું જાહેરનામું છે, જેની નીચે અધીક જીલ્લા મેજી.એસ.ડી.વસાવા સાહેબનાઓની સહી છે, જે આંક–૮૭થી રજુ થયેલ છે.ત્યારબાદ આરોપીઓ વિરુધ્ધ પુરતા પુરાવા પડતા હોય નામદાર કોર્ટામાં ચાર્જશીટ કરેલી. તેઓ આરોપીઓને ઓળખે છે, જે આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે, તે જ છે, ઓળખી બતાવે છે.

જયારે બચાવપક્ષે વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે, આંક–૮૬ વાળી યાદી તેમણે બનાવેલી નથી, તેમને ગુનાવાળી જગ્યાએ જવાનું થયેલું નથી.

૯. ફરીયાદપક્ષે સાહેદ નં.૧૪ તરીકે આંક–૮૯થી પોલીસ સાહેદ પદમાબેન જયકુમાર નાઓને તપાસેલા છે. તેઓએ પોતાના પુરાવામાં જણાવેલ છે કે, હાલ તેઓ એસલીબી સુરત ગ્રામય ખાતે તેમની એએસઆઇ તરીકે ફરજ બજાવે છે. સને–૨૦૧૯ માં તેઓ કામરેજ પોસ્ટેમાં પીએસઓ તરીકે તેમની ફરજ પર હાજર હતી તે દરમ્યાન તા.૧૨/૦૯/૨૦૧૯ ના રોજ ફરીયાદી નિપુલભાઇ હસમુખભાઇનાઓની વિગતવારની ફરીયાદ પોસઇ વી. આર. ચૌધરી નાઓએ લઇ તેમની તરફ ગુનો રજીસ્ટર કરવા સારુ મોકલી આપેલી જે ફરીયાદ તેમણે કામરેજ પોસ્ટેના ફ.ગુ.ર.નં.–૨૧૨/૨૦૧૯ થી ઇપીકો કલમ –૩૦૭,૧૪૩,૧૪૭ વિગેરે મુજબનો ગુનો રજીસ્ટર કરેલો અને સ્ટે.ડાયરીમાં એન્ટ્રી નં.૧૩/૨૦૧૯ થી કલાક ૨૩–૦૦ કલાકે કરેલી અને

આગળની તપાસ ઇ/ચા પોઇ એચ.એમ.ગોહીલનાઓ તરફ મોકલી આપેલી. તેઓ પોતાની સાથે સ્ટેશન ડાયરીના ઉતારાની સેલ્ફ એટેસ્ટેડ નકલ લાવેલ છે જે આંક-૯૦થી રજુ કરેલ છે. આ સિવાય તેમણે બીજી કોઇ કામગીરી કરેલી નથી.

જયારે બચાવપક્ષે વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે, ગુનો રજીસ્ટર કર્યા સિવાય તેમણે બીજી કોઇ કામગીરી કરેલી નથી.

<u>**આરોપીઓ સામે આક્ષેપિત ગુનાની તહોમત તેના મહત્વના તત્વો તથા ફરીયાદપક્ષે આપેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાના મુલ્યાંકન સમયે ધ્યાનમાં રાખવાની બાબતોની ચર્ચાઃ-**</u>

૧૦. આ કામે આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૨૩, ૫૦૪, ૫૦૬ તથા ગુજરાત પોલીસ એકટની કલમ-૧૩૫(૧) મુજબના શિક્ષાપાત્ર ગુનાની તહોમત છે. ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૩ ની જોગવાઇ ધ્યાને લેતા તેમાં કોઇપણ વ્યકિત સ્વેચ્છાએ અન્ય કોઇ વ્યકિતને વ્યથા નિપજાવી તો ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૩ નો ગુનો આચરેલ કહેવાય. આ પુર્વ વ્યથા કોને કહેવાય તે ધ્યાને લેવુ જરૂરી છે. વ્યથાની વ્યાખ્યા ભારતીય દંડ સંહિતાની કલમ-૩૧૯ માં કરવામાં આવેલ છે તે મુજબ કોઇપણ વ્યકિત કોઇ વ્યકિતને શારિરીક પીડા રોગ કે અશકિત નિપજે તેવુ કૃત્ય કરે તો તેને વ્યથા નિપજાવી કહેવાય. આ કલમમાં કરવામાં આવેલ વ્યથાની વ્યાખ્યા ધ્યાને લેતા, આ વ્યથા શારિરીક વ્યથા છે આ કલમ અન્વયે માનસીક વ્યથાનો સમાવેશ થતો નથી જેથી જો વ્યથા પ્રત્યક્ષ અને દેખી શકાય તેવી શારિરીક હોય અને તેનાથી શારિરીક પીડા અશિકત કે રોગ નિપજે તેવી હોય તેને વ્યથા કહેવાય. ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૩ માં સ્વેચ્છાપુર્વકનું કૃત્ય હોવુ જોઇએ. સ્વેચ્છાપુર્વકના

કૃત્યની વ્યાખ્યા ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૧ માં કરવામાં આવેલ છે જે ધ્યાને લેતા જયારે કોઇ વ્યકિત ઈરાદાપુર્વક કે જ્ઞાન સાથે એવુ કૃત્ય કરે કે જેનાથી બીજી વ્યકિતને વ્યથા થવાનો સંભવ હોય અથવા વ્યથા થશે એવી જાણકારી હોય તેમ છતાં તે કૃત્ય કરી વ્યથા નિપજાવે તો તેને સ્વેચ્છાપુર્વક વ્યથા નિપજાવી કહેવાય.

આ તબકકે સાહેદોના પુરાવાના મુલ્યાંકન માટે નામ સુપ્રિમ કોર્ટના આર. સાજીલ વિ. સ્ટેટ ઓફ કેરેલા રીપોર્ટેડ એ. આઈ.આર. ૨૦૧૩ પાના નં. ૬૫૧ ના પેરા ૨૨ ધ્યાને લેવા જરૂરી છે જે નીચે મુજબ છે.

> **22. In the matter of appreciation of evidence of witness, it is not the number of witnesses, but the quality of their evidence which is important, as there is no requirement in the law of evidence stating that a particular number of witnesses must be examined in order to prove/disprove a fact. It is a time honoured principle, that evidence must be weighed and not counted. The test is whether the evidence has a ring of truth, is cogent, credible and trustworth, or otherwise. the legal system has laid emphasis on the value Provided by each witness, as opposed to the multiplicity or plurality of witnesses. It is thus, the quality and not quantity, which determines the adequacy of evidence, as has been provided by section 134 of the Evidence Act. Where the law requires the examination of at least one attesting witness, it has been held that the number of witnesses produced over and above this, does not carry any weight. (vide: Vadivelu Thevar V. State of Madras; AIR 1957 SC 614 ; Jagdish Prasad V. State of M.P. AIR 1994 SC 1251: (1994 AIR SCW 564); Sunil Kumar V. State of Govt. of NCT of Delhi AIR 2004 SC 552 : (2003 AIR SCW 6026); Namdeo V. State of Maharashtra AIR 2007 SC (Supp) 100 : (2007) AIR SCW 1835) ; kunju alias Balachandran V. State of Tamil Nadu, AIR 2008 SC 1381 : (2008 AIR SCW 835); Bipin Kumar Mondal V. State of West Bengal AIR 2010 SC 3638 : (2010 AIR SCW 4470); Mahesh and Anr. V. State of Madhya Pradesh (2011) 9 SSC 626 : (AIR 2012 SC 2172: 2010 AIR SCW 2898; Kishan Chand V. State of Haryana JT 2013 (1) SC 222) : (AIR 2013 SC 357: 2013 AIR SCW 210).**

આ તબકકે સાહેદોના પુરાવામાં રેકર્ડ પર આવેલ કેટલાક વિરોધાભાસ પુરાવાના મુલ્યાંકન માટે નામ. સુપ્રિમ કોર્ટના તકદીર સમસુદીન શેખ વિ. સ્ટેટ ઓફ ગુજરાત રીપોર્ટેડ એ.આઈ.આર. ૨૦૧૨

એસ.સી. પાના નં.૩૭ ના ચુકાદાના પેરા નં.૯ ધ્યાને લેવો જરૂરી છે. જે નીચે મુજબ છે.

> **9. We are of the view that all the omissions /contradictions pointed out by the appellants' counsel had been trivial in nature, which do not go to the root of the cause. It is settled legal proposition that while appreciating the evidence, the court has to take into consideration whether the contradiction/ omission/ improvements/ embellishments etc had been of such magnitude that they may materially affect the trial. minor contradictions, inconsistencies, omissions or improvements on trivial matters without affecting the case of the prosecution should not be made the court to reject the evidence in its entirely. The court after going through the entire evidence must form an opinion about the credibility of the witnesses and the appellante court in natural course would not be justified in reviewing the same again without justifiable reasons. (vide: Sunil Kumar Sambhudayal Gupta (Dr.) and ORs. V. State of Maharashtra, (2010) 13 SCC 671).**

આમ ઉપરોકત બન્ને ચુકાદાઓનો અભ્યાસ કરતા એવુ ફલિત થાય છે કે ફરીયાદપક્ષના કેસમાં રેકર્ડ પર આવેલ તમામ વિરોધાભાસ, વિસંગતતા વધારાનો પુરાવો કે ભુલ ત્યારે જ મહત્વની ગણી શકાય કે જયારે તે વિરોધાભાસ, વિસંગતતા, ભુલ ફેરફાર કે વધારાનો પુરાવાથી ફરીયાદપક્ષના કેસના મુળમાં ફેરફાર થતો અને તે મહત્વનો હોય. ફરીયાદપક્ષના કેસમાં રહેલ નજીવો વિરોધાભાસ કે વિસંગતતા કે જે કેસના મુળને સ્પર્શ કરતી ન હોય તેવી હકીકતો પર આધાર રાખી અદાલત ફરીયાદપક્ષના કેસની મહત્વની હકીકતને સમર્થન કરતા પુરાવાને નજર અંદાજ કરી શકે નહીં. વળી, ફરીયાદપક્ષના કેસને અમુક સંખ્યામાં

સાહેદોના પુરાવાથી સમર્થન મળવુ જ જોઇએ તેવુ કાયદાનો હેતુ નથી. તેમજ પુરાવા અધિનિયમની કલમ-૧૩૪ ની જોગવાઇ મુજબ પણ સાહેદોની સંખ્યા મહત્વની નથી. પરંતુ સાહેદોએ આપેલ પુરાવાની ગુણવત્તા મહત્વની હોય છે. વળી, ફરીયાદપક્ષે તપાસેલ મહત્વના એક સાહેદનો પુરાવો સચોટ, સ્પષ્ટ તેમજ ફરીયાદપક્ષના કેસ સાથે સુસંગત હોય અને તે પુરાવો વિશ્વસનિય હોય તો નામ. કોર્ટ આવા એક સાહેદના પુરાવા પર આધાર રાખી આરોપીને તકસીરવાર ઠરાવી શકે.

**મુદ્દા નં.૧ઃ-**

૧૧. સદર કામે આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭ મુજબના શિક્ષાપાત્ર ગુનાની તહોમત છે. ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૭ ની જોગવાઇ ધ્યાને લેતા એવુ ફલિત થાય છે કે, જયારે કોઇ વ્યકિત એવુ કોઇ કૃત્ય એવા જ્ઞાન અથવા ઇરાદે કરે કે જે સંજોગોમાં તે વ્યકિતનું મૃત્યુ નિપજાવે તો તે ખુનના અપરાધ કર્યો ગણાય, તેવુ કૃત્ય કરે તો આ કલમ અન્વયેનો ગુનો આચરેલ કહેવાય. વળી, આવા કૃત્ય દરમ્યાન આરોપી વ્યકિત ઇજા પામનારને વ્યથા નિપજાવે તો તેની ગંભીરતા વધી જતી હોય છે. આમ ઉપરોકત જોગવાઇ ધ્યાને લેતા આરોપીએ આચરેલ ગુનાહિત કૃત્ય જ્ઞાન અથવા ઇરાદાપુર્વક કરેલ હોવુ જોઇએ. તેમજ તે કૃત્યથી જે તે સંજોગોમાં મૃત્યુ નિપજે તેવુ હોવુ જોઇએ.

સદર કામે ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૭ અન્વયેનો ગુનાના આવશ્યક તત્વો ધ્યાને રાખી ફરીયાદપક્ષે આપેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો સદર કામે ફરીયાદી/ઇજા પામનાર નિપુલભાઇ હસમુખભાઇ પટેલને આંક-૨૫થી તપાસેલા છે. તથા આંક-૨૬થી ફરીયાદ રજુ થયેલ છે. જે બન્ને જોતા આરોપીઓ સામે આક્ષેપિત કહેવાતુ કૃત્ય

આરોપીએ ફરીયાદી તથા સાહેદોનું મૃત્યુ નિપજાવવાના ઈરાદે અથવા તો જ્ઞાનપુર્વક આચરેલ હોય તેવા કોઈ આક્ષેપો પોતાના સોંગદ પરના પુરાવામાં સમર્થન કરેલ નથી. પરંતુ, આરોપીઓએ તેઓને ઈજા પહોંચાડેલી ન હોય અને તેઓને ઈજા આરોપીઓએ કોઈ હથિયારથી પહોંચાડેલ હોય તેવો કોઈ પુરાવો આપેલ નથી. વળી, ફરીયાદપક્ષે ફરીયાદી તથા સાહેદોના સારવાર અંગેના સર્ટીફીકેટો અનુક્રમે આંક-૩૦ થી આંક-૩૨ સુધી રજુ થયેલ છે. જે ધ્યાને લેતા અજાણ્યા ૨૦ થી ૨૫ માણસોના ટોળા દ્વારા હુમલો કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે. તેમાં હાલના આરોપીઓના નામ કે વર્ણન જણાવેલ નથી. તેમજ આ પ્રકારની ઈજા ખુન નિપજાવવા માટે પુરતી હોય તેવો કોઈ અભિપ્રાય પણ આપેલ નથી. તેમજ ઈજા પામનારોને તે ઈજાઓથી મૃત્યુ થઇ શકે તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. તેમજ, ફરીયાદપક્ષે રજુ અન્ય ઈજા પામનાર સાહેદ યતીનભાઈ સુમનભાઈ પટેલને આંક-૨૭ થી તથા સાહેદ દિપનભાઈ નવિનભાઈ પટેલને આંક-૨૮થી તપાસવામાં આવેલ છે. તેઓના પુરાવાથી પણ આરોપીઓએ કહેવાતી ઈજા ખુન કરવાના ઈરાદા અથવા જ્ઞાન સાથે કરેલ હોય તેવો કોઈ પુરાવો કે હકીકત ફલિત થતી નથી. તેવા સંજોગોમાં ફરીયાદપક્ષે આપેલ ઉપરોકત તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી આરોપીઓએ આચરેલ આક્ષેપિત કૃત્ય ફરીયાદી તથા સાહેદોનું ખુન કરવાના ઈરાદા અથવા જ્ઞાન સાથે આચરેલ હોય તેવો પુરાવો કે હકીકત આપેલ પુરાવા ઉપરથી ફલિત થતી ન હોય તેવા સંજોગોમાં ફરીયાદપક્ષે આપેલ પુરાવા ઉપરથી આરોપીઓએ ગેરકાયદેસર મંડળી રચી, તે મંડળીના સભ્ય તરીકે ગુનામાં ભાગ ભજવી, ભારતીય દંડ સંહિતાની કલમ-૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭ મુજબના ગુનો આચરેલાના આક્ષેપો શંકાથી પર અને કડીબધ્ધ રીતે સાબીત થતા ન હોય જેથી મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપું છું.

**મુદ્દા નં.૨:-**

૧૨. ફરીયાદપક્ષે આપેલ પુરાવાનું મુલ્યાંકન કરતા ફરીયાદી નિપુલભાઇ હસમુખભાઇ પટેલનાએ આંક-૨૫ના પોતાના પુરાવામાં એવુ જણાવે છે કે, તેઓ ફળિયાના લોકો તે દિવસે ગણપતિ વિસર્જન કરવા તેમના ગામના તળાવ આગળ હાજર હતા ત્યારે બપોરે આશરે ચારેક વાગ્યે તેઓ સૌ વિર્સજનની વ્યવસ્થામાં હતા ત્યારે બીજા લોકોનું ટોળુ ત્યાં હતુ અને અજાણ્યા લોકો મોટર સાયકલ ઉપરથી ત્યાંથી જતા હતા. તે સમયે ધકકા મુકકી અને દોડધામ થઇ ગયેલ અને તેઓ તે સમયે દોડતા દોડતા ટ્રેકટર ઉપર ચઢવા જતા હતા ત્યારે તેમને ઈજાઓ થયેલ. તે સમયે તેમની સાથે તેમના ફળિયાના કલ્પેશભાઈ, જિગ્નેશભાઈ, યતિનભાઇ, દિપનભાઈ પણ હતા અને તે લોકને પણ ઈજાઓ થયેલી. તે સિવાય તેમના ફળિયાના બીજા કોઈએ ઈજા અંગે કે ઝગડા અંગે કંઈ જણાવેલ નહીં. તેમણે કોઈ વ્યકિતઓને હથીયાર, પાઇપ, ચપ્પુ લઈને ઉભેલા જોયેલા નહીં. તેમજ, સદર ફરીયાદીએ પોતાની ઉલટતપાસમાં પણ મહત્વની એવી હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, તેઓ નીચે હતા અને ટ્રેકટરમાં ઉપર ચઢવાનો પ્રયત્ન કરેલો, ટ્રેકટર ઉપર ચઢવા જતા તેઓ ટોલીમાંથી નીચે પડી ગયેલા, પડી જવાથી તેમને ઈજાઓ થયેલી, આરોપીઓ પૈકી કોઈ આરોપીએ તેઓને ઈજા પહોંચાડેલ હોય તેવુ બનેલ નથી. તેમજ, આ કામે બનાવમાં ઈજા પામનાર અન્ય સાહેદો પૈકી સાહેદ યતીનભાઈ સુમનભાઈ પટેલનાઓએ તેઓના આંક-૨૭ ના પુરાવામાં તળાવ કિનારે તેમના ગામ સિવાય બીજા ગામના લોકોના ટોળા હતા અને ત્યાં વિસર્જનમાં દોડાદોડ અને બોલાચાલી થયેલી જેથી તેઓ ફળિયાના લોકો દોડીને ટ્રેકટરમાં બેસવા લાગેલા તે દોડાદોડીમાં તેઓ લોકોને નાની મોટી ઈજાઓ થયેલી. તેમજ, બનાવમાં ઈજા પામનાર અન્ય સાહેદ દીપનભાઈ નવિનભાઈ પટેલનાએ તેઓના આંક-૨૮થી રજુ પુરાવામાં તેઓ ફળિયાના લોકો ટ્રેકટરમાં બેસી

ગણેશ વિસર્જન માટે ગામના તળાવ પાસે ગયેલા, ત્યાં ઘણી ભીડ હતી અને બીજા ટ્રેકટર અને ટેમ્પો હતા, ત્યાં જોખા ગામ અને વાવ ગામના લોકો વિસર્જન માટે આવેલા હતા. ત્યાં આડાતેડા વાહનો મુકેલ હોવાથી લોકોની ભીડ થઇ ગયેલ અને તેમાં બોલાચાલી થતા તળાવ કિનારે દોડદામ મચી ગયેલ, તેથી તેમના ફળિયાના લોકો ઝડપથી ટ્રેકટરમાં બેસવા જતા નીચે પડી ગયેલા અને તેમાં તેમને, નિપુલભાઇ, યતીનભાઇને અને બીજા ફળિયાના લોકોને માથા ઉપર અને હાથ ઉપર ઈજાઓ થયેલ. આમ, ફરીયાદી તથા ઈજા પામનાર સાહેદોનો પુરાવો ધ્યાને લેતા તેઓ બનાવમાં ઈજા પામનાર પોતે છે. તેઓએ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન આપેલ નથી અને વિમુખ થયેલા સાહેદો જાહેર કરવામાં આવેલ છે. ઉપરોકત હકીકતો ધ્યાને લેતા ફરીયાદી તથા સાહેદોને બનાવમાં થયેલ ઈજા દોડાદોડીમાં પડી જવાથી થયેલ હોવાનું જણાવે છે, જેથી ફરીયાદપક્ષે રજુ થયેલ ઉપરોકત ફરીયાદી તથા સાહેદોના પુરાવાની હકીકતો જોતા હાલના આરોપીઓએ તેઓને જાનથી મારી નાખવાની ધમકી આપી કે સ્વેચ્છાએ વ્યથા નિપજાવવાના ઇરાદે વ્યથા કરેલ હોય તેવી કોઇ હકીકત તેઓ પોતે પોતાના પુરાવામાં સમર્થન આપતા નથી. જેથી જયારે ફરીયાદી તથા સાહેદો પોતે જ પોતાને ઈજા કરનાર તરીકે આરોપીઓ હતા તેવો ચોકકસ પુરાવો આપતા ન હોય અને તે અંગે ફરીયાદપક્ષના કેસથી વિરોધાભાસી હકીકત પોતાના પુરાવામાં સ્વીકાર કરતા હોય ત્યારે માત્ર પોલીસ સાહેદો કે જેઓ બનાવના પ્રત્યક્ષ સાહેદો નથી તેમજ જેઓના પુરાવાથી પણ આરોપીઓને ગુના સાથે સાંકળતી કોઇ મહત્વની કડી કે વૈજ્ઞાનિક પુરાવો મળી આવતો ન હોય ત્યારે માત્ર તેમના પુરાવા ઉપર આધાર રાખી શકાય નહીં. વળી, સદર કામે આંક-૩૬ થી રજુ મુદ્દામાલ હથીયાર રીકવરી અંગેના પંચનામાંના પંચ સાહેદોએ ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપેલ નથી અને વિમુખ

થયેલા સાહેદો જાહેર કરવામાં આવેલ છે. વળી, જયારે ફરીયાદપક્ષે આ પચનામાંના કથનો અને સંપાદનો સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ હોય તેમજ આ કામે કબજે કરવામાં આવેલ હથિયારો પાઇ, તેમજ ચપ્પુ ઉપર રુધિરની હાજરી મળી આવેલ ન હોવાનો અભિપ્રાય એફ.એસ.એલ. વિભાગના આંક-૫૩થી રજુ થયેલ બાયોલોજી તથા આંક-૫૪ થી રજુ થયેલ સીરોલોજી વિભાગના અહેવાલ પરથી જણાઇ આવે છે. જેથી પણ આરોપીઓની ગુના કામે સંડોવણી બાબતની હકીકતો સાયન્ટીફીક પુરાવા આધારે પણ જણાઇ આવતી નથી.

વળી, ફરીયાદપક્ષે તપાસેલ સ્વતંત્ર સાહેદ ધવલભાઇ કિરીટભાઇ સોલંકી નાઓ તેઓના આંક-૪૨ ના પુરાવામાં તેમને કામરેજ પોલીસવાળાએ બોલાવેલ હતા અને તેમને લખાણવાળા કાગળમાં સહી કરવાનું કહેતા તેમણે સહી કરેલી તેમાં શેનું લખાણ હતુ તે તેમણે વાંચેલ નથી. સદર સાહેદે આંક-૪૩થી રજુ ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૬૫(બી) ના સર્ટીફીકેટમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. પરંતુ સદર સર્ટીફીકેટ તેમને વાંચી વંચાવતા કહે છે કે આવી કોઇ બે ડીવીડી તેમણે પોલીસને આપેલ નથી કે તેમણે કોઇ રેકોર્ડીંગ તેમના ડિવાઇસમાં કરેલ નથી. તેમણે કોઇ ડીવીડી આપેલ નથી તેથી કોઇ ડીવીડી જોઇને પણ કહી શકે નહીં કે ઓળખી શકે નહીં કે આવી કોઇ ડીવીડી રજુ પણ થયેલ નથી.

આમ, ઉપરોકત તમામ સંજોગો ધ્યાને લેતા તથા ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૩ ની જોગવાઇ ધ્યાને લેતા તથા ફરીયાદપક્ષે આપેલ ઉપરોકત પુરાવાઓ ધ્યાને લેતા પ્રથમ ફરીયાદી તથા ઈજા પામનાર સાહેદોના પુરાવામાં ઈજા નિપજાવનાર તરીકે આરોપીઓ હોવા અંગે કોઇ સ્પષ્ટ અને સચોટ પુરાવો આપેલ નથી તેમજ પોતાના પુરાવા દરમ્યાન ગુનાના કામે આરોપીઓની સંડોવણી અંગે મહત્વના વિરોધાભાસી

હકીકતોનો સ્વીકાર કરતા હોય જેથી ફરીયાદી તથા બનાવમાં ઈજા પામનાર સાહેદોનો આ પુરાવો વિશ્વસનિય પુરાવા તરીકે સ્વીકાર શકાય તેમ નથી અને તેમના પોતાના પુરાવામાં વ્યાજબી શંકાઓ ઉત્પન્ન થાય છે. વળી, ઉપરોકત ચર્ચા પ્રમાણે ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ તમામ પંચ સાહેદોએ પણ પંચનામામાં તેમની સહી સિવાય અન્ય કોઇ મજકુરોને સમર્થન કરેલ નથી. જેથી રજુ થયેલ ગુનાવાળી જગ્યાના, ફરીયાદી તથા ભોગબનનારના કપડા કબજે કર્યા અંગેના, વિડીયોની કુટેજ કબજે કર્યાના, આરોપીઓની શરીરસ્થિતીના પંચનામાંમાં સાબિત કરવામાં ફરીયાદપક્ષ સાબિત નિષ્ફળ નિવડેલ છે તેવા સંજોગોમાં ફરીયાદપક્ષે આપેલ પુરાવા પરથી ફરીયાદી તથા સાહેદોને થયેલી ઈજાઓ આરોપીઓએ સ્વેચ્છાએ ચપ્પાથી તથા લોખંડના પાઇપથી નિપજાવેલ હોય તેવુ શંકાથી પર કડીબધ્ધ રીતે સાબિત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ હોવાનું આ અદાલત માને છે જેથી મુદ્દા નં.૨ નો જવાબ તે પ્રમાણે નકારમાં આપું છું.

<u>**મુદ્દા નં.3-**</u>

૧૩. આ કામના આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪ તથા ૫૦૬ મુજબના શિક્ષાપાત્ર ગુનાનું તહોમત છે જેમાં ઈરાદાપુર્વક કોઇ વ્યકિત જાહેર શાંતિનો ભંગ કરી બેસશે તે રીતે તેનું અપમાન કરે તે રીતે તેને જાહેર સુલેહ શાંતિનો ભંગ કરવા માટે ઉશ્કેરણી કરે તો તેને આ કલમ હેઠળનો ગુનો આચરેલ કહેવાય. તેમજ જયારે કોઈ વ્યકિત અન્ય કોઈ વ્યકિતને ગુનાહિત ધમકી આપી અને તે ધમકીનો અમલ થતો અટકાવવા માટે તે વ્યકિત પર ભયનું વાતાવરણ સર્જે અને તે વ્યકિત કાયદેસર રીતે જે કૃત્ય કરવા બંધાયેલ હોય તે ન કરે અથવા તે વ્યકિત જે કૃત્ય કાયદેસર રીતે કરવા બંધાયેલ ન હોય તેવુ કૃત્ય આવા ભયના ઓથા હેઠળ કરવા ફરજ પાડે તો તેને ગુનાહિત ધમકી આપી કહેવાય. આ અંગે નામ. ગુજરાત હાઇકોર્ટના પ્રવિણભાઈ બેચરભાઈ વણકર વિ. સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૦૭

જી.એલ.એચ. ૩૩૭ નો ચુકાદો ધ્યાને લેતા તેમાં નામ. ગુજરાત હાઇકોર્ટ દ્વારા ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪, ૫૦૬ મુજબના શિક્ષાપાત્ર ગુના સાબિત કરવા માટે આવશ્યક તત્વો અંગે અને પુરાવા અંગે એવુ અવલોકન કરેલ છે કે, આરોપીઓ દ્વારા કહેવામાં આવેલ કથોનો પૈકી કયા કથનથી ફરીયાદી કે સાહેદોનું જાહેરમાં અપમાન થયેલ હોય અથવા તો તેઓ જાહેર સુલેહ શાંતિનો ભંગ કરી બેસે તેવી ઉશ્કેરણી થયેલ હોય તેવા ચોકકસ કથનો ફરીયાદપક્ષે રેકર્ડ ઉપર લાવવા પડે તેમજ આરોપીઓને એવા કયા કથનથી તેના માનસ પણ ભયનું વાતાવરણ ઉભુ થયેલ તે ચોકકસ કથનો પણ ફરીયાદપક્ષે રેકર્ડ પર લાવવા પડે. જો ફરીયાદપક્ષ એવા ચોકકસ કથનો રેકર્ડ ઉપર લાવે અને તે કથનોથી ઉશ્કેરણી થઇ શકે તેમ હોય કે ભયના સંકેતો ઉભા કરી શકે તેમ હોય તો ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪, ૫૦૬ મુજબનો ગુનો આચરેલ કહેવાય.

૧૪. ફરીયાદપક્ષે આપેલ ઉપરકોત તમામ સાહેદોના મૌખિક પુરાવો ધ્યાને લેતા આરોપીઓએ ફરીયાદીને તેઓ જાહેર સુલેહ શાંતિનો ભંગ કરી બેસે તેવા ઈરાદે તેઓનું જાહેરમાં અપમાન કરી તેઓની ઉશ્કેરણી કરેલ હોય તેવો કોઈ મૌખિક પુરાવો કે ચોકકસ કથનો ફરીયાદપક્ષને આપેલ પુરાવા પરથી ફલિત થતા નથી.

વળી, ફરીયાદી તથા સાહેદોના પુરાવા મુજબ આરોપીઓએ તેને જાનથી મારી નાખવાની ધમકી આપેલ પરંતુ અગાઉ ચર્ચા કરવામાં આવેલ બનાવ સમયે આરોપીઓ સ્થળ ઉપર હાજર હોવા અંગે અને ઈજા નિપજાવનાર તરીકે ફરીયાદી તથા સાહેદોએ પોતાના પુરાવામાં વિરોધાભાસી પુરાવો આપેલ હોય જેથી આરોપીઓએ તેઓને ઈજા નિપજાવેલ છે તેવુ શંકારહિત સાબિત થયેલ ન હોય તેમજ આ કથન પરથી ફરીયાદી તથા સાહેદોના માનસ પર ભયના સંકેતોનું નિર્માણ થાય તે રીતે કોઈ ગુનાહિત ધમકી આપેલ હોય અને ધમકીનો અમલ થતો

અટકાવવા માટે ફરીયાદી તથા સાહેદો તે ધમકીને વશ થઇ તેવુ કયુ એવુ કૃત્ય કરવા ફરજ પડેલ કે જે તેઓ કાયદેસર રીતે કરવા બંધાયેલ હતા નહીં અથવા કયુ એવુ કૃત્ય ન કરવા ફરજ પાડેલ કે જે કૃત્ય કરવા તેઓ કાયદેસર રીતે હકકદાર હતા તે અંગે પણ ફરીયાદીના પુરાવામાંથી કોઇ મહત્વની હકીકત કે પુરાવો રેકર્ડ પર આવેલ નથી. જેથી ફરીયાદપક્ષે આપેલ પુરાવા પરથી આરોપીઓએ ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪, ૫૦૬ મુજબના શિક્ષાપાત્ર ગુનો આચરેલ હોવાની હકીકત પણ શંકારહિત સાબિત થતી ન હોય મુદ્દા નં.૩ નો જવાબ નકારમાં આપું છું.

**<u>મુદ્દા નં.૪ઃ–</u>**

૧૫. આ કામે ફરીયાદપક્ષે આંક–૮૫થી તપાસવામાં આવેલ પોલીસ સાહેદ જયદિપસિંહ બટુકસિંહ વનારના પુરાવામાં આંક–૮૭થી જાહેરનામું રજુ થયેલ છે. જે ધ્યાને લેતા તેની જાહેર સ્થળોએ જોઇ વાંચી શકાય તે રીતે તેની પ્રસિધ્ધી થયેલ હોય તેવી કોઇ હકીકત ફરીયાદપક્ષે આપેલ પુરાવા પરથી જણાઇ આવતી નથી. તેવા સંજોગોમાં ફરીયાદપક્ષે આપેલ પુરાવા પરથી બનાવ સમયે આરોપીઓએ સ્થાનિક વિસ્તારમાં હથીયારબંધીનું જાહેરનામું અમલમાં હોવા છતાં પોતાની પાસે હથીયાર રાખી તેનો ભંગ કરેલ છે તેમ માની શકાય તેમ ન હોય મુદ્દા નં.૪ નો જવાબ નકારમાં આપું છું.

આમ, ફરીયાદપક્ષે આપેલ ઉપરોકત પુરાવો પરથી પ્રથમ તો આરોપીઓએ ફરીયાદી તથા સાહેદોને ઈજા નિપજાવેલ હોય તેવી હકીકતો શંકારહિત સાબિત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે. તેમજ, ઉપરોકત ચર્ચા મુજબ ફરીયાદીને આરોપીઓએ ખુન કરવાના ઈરાદે કે જ્ઞાન સાથે આરોપીઓએ એકસંપ થઇ, ગેરકાયદેસર મંડળી રચી,

ફરીયાદી તથા સાહેદોને ઈજા નિપજાવેલ હોય તે હકીકત પણ સાબિત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે તેમજ ફરીયાદી તથા સાહેદોને થયેલ ઈજા આરોપીઓએ જ સ્વેચ્છાએ નિપજાવેલ છે કે આરોપીઓએ ફરીયાદી તથા સાહેદો જાહેર સુલેહ શાંતિનો ભંગ કરી બેસે તેવા ઉશ્કેરણી જનક કથનો કરેલ હોય કે તેઓએ ફરીયાદી તથા સાહેદોને ભયના ઓથા હેઠળ લાવી કોઇ કૃત્ય કરવા ફરજ પાડેલ હોય કે જાહેરનામાંનો ભંગ કરેલ હોય તેવી કોઇ હકીકત ફરીયાદપક્ષે આપેલ પુરાવા પરથી કડીબધ્ધ રીતે સાબિત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ હોય જેથી ઉપરોકત સંજોગોમાં ફરીયાદપક્ષે ફરીયાદી તથા સાહેદોને ખુન કરવાના ઈરાદે ઈજાઓ નિપજાવેલ છે, અથવા આ બનાવ દરમ્યાન ફરીયાદી તથા સાહેદોને સ્વેચ્છાએ વ્યથા નિપજાવેલ છે અને જાહેર સુલેહ શાંતિનો ભંગ થાય તેવા ઉશ્કેરણીજનક કથનો કરેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય કે જાહેરનામાંનો ભંગ કરેલ હોય તેવા આક્ષેપો સાબિત થયેલ ન હોય કે તેવો પુરાવો રેકર્ડ ઉપર આવેલ ન હોય તેવા સંજોગોમાં ફરીયાદપક્ષે આપેલ પુરાવા પરથી ભારતીય દંડ સંહિતાની કલમ- ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૨૩, ૫૦૪, ૫૦૬ તથા જી. પી. એકટ ની કલમ-૧૩૫(૧) મુજબના આક્ષેપિત ગુનાની હકીકત સાબિત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ હોવાનું આ અદાલત માને છે. જેથી ઉપરોકત ચર્ચા મુજબ મુદ્દા નં.૫ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## **<u>- આખરી હુકમ -</u>**

(૧) ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૩૫(૧) અન્વયે કામના તહોમતદારો **(૧) ધનસુભાઇ ઉર્ફે ધમો રમેશભાઇ ગામી (૨) હાજી કાસમ**

**જુણેજા (૩) મહેશભાઇ રમેશભાઇ ભાલીયા (૫) રવિન્દ્રભાઇ ઉર્ફે ગુડ્ડો રાજુભાઇ ભાલીયા (૬) ભાવિક ઉત્તમભાઇ ભાલીયા (૭) હેમંતભાઇ ભરતભાઇ ગામી (૯) મહેન્દ્રભાઇ પરભુભાઇ ભાલીયા (૧૦) નિરવભાઇ દિનેશભાઇ ભાલીયા (૧૧) શિવમભાઇ વિજયભાઇ ભાલીયા (૧૨) પુનમબેન જયેશભાઇ ભાલીયા (૧૩) દિપેશભાઇ અરવિંદભાઇ પટેલ (૧૪) રાધાબેન પરભુભાઇ ભાલીયા (૧૫) સુનિલભાઇ રાજુભાઇ ભાલીયા (૧૬) કિરણ ઉર્ફે તલવાર ભરતભાઇ રાઠોડ (૧૭) રાકેશભાઇ અમરસિંહભાઇ રઠોડ (૧૮) સુનિલભાઇ બળવંતભાઇ ચૌધરી** નાઓને ભારતીય દંડ સંહિતાની-૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૨૩, ૫૦૪, ૫૦૬ તથા જી.પી.એકટની કલમ-૧૩૫(૧) મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી પુરતા પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામમાં કબજે કરવામાં આવેલ બિનકિમતી મુદ્દામાલનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામના આરોપીઓએ ફોજદારી કાર્યરીતી સંહિતા ૧૯૭૩ ની કલમ-૪૩૭(એ)મુજબ અપીલના કામે હાજર રહેવા સબબ દરેક આરોપીએ રૂા.૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર પુરા)ના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકા રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે અને તે જામીન ૦૬(છ) માસ માટે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આજ **તારીખઃ ૨૧**મી **માહે ડીસેમ્બર સને** ૨૦૨૪ ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

Date :- 21.12.2024
Place :- Surat

Hiteshkumar Mukundray Vyas
8th Additional Sessions Judge,Surat.
Judge Code : GJ00834